३५८७

॥ ૐ નમઃ ॥

નવ તત્વ, અને દંડકના છુટા બોલ

તથા

આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. બાલાભાઈ કકલભાઈ.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ"માં

શા૦ નથુભાઈ રતનચંદે છાપ્યું.

કિંમત બે આના.

॥ ॐ नमः ॥

નવ તત્વ, અને દંડકના છુટા બોલ

તથા

આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. બાલાભાઈ કકલભાઈ.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ"માં

શા૦ નથુભાઈ રતનચંદે છાપ્યું.

કિંમત બે આના.

ગ્રન્થાર્પણ.

મુનીરાજ શ્રી શ્રી શ્રી બુટેરાવજી ઉર્ફે બુદ્ધિ વિ-
જયજીના ઉપાસક સકળ શ્રાવક ગુણ સંપન્ન
મોહનલાલજી તપસીજીએ મને બાળપ-
ણમાં શુદ્ધ દેવ ગુરૂ ધર્મની ઓ-
ળખાણ કરાવી મારા ઉપર પરમ
ઉપકાર કર્યો તેથી તેમના નામ
સ્મર્ણાર્થે આ લઘુ પુસ્તક
નમ્રતા પૂર્વક હું તે-
મને અર્પણ
કરૂં છું.

પ્રસ્તાવના.

અદ્યાપી સુધી જેજે બોલના થોકડા પ્રગટ થએલા છે તે લઘુવયના બાળકોને ભણવામાં ઘણા ઉપયોગી થઇ પડયા છે તેથી ઘણો લાભ થતો જોઇ નવતત્વ, તથા દંડકના છુટા બોલ, આઠ કર્મની એકસોને અઠાવન પ્રકૃતિ (અને મોહનલાલજી કૃત ગુરુમાળા બત્રીશી) એ નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. આ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ એ છે જે આ બોલ શીખ્યા પછી ગાથાબંધ નવ તત્વ દંડક વિગેરે પ્રકરણમાં પ્રવેશ કરવો તથા વિસ્તાર પૂર્વક તેમનો અર્થ શીખવો સુગમ પડે.

મુનિરાજજી શ્રી શ્રી શ્રી રવી સાગરજીના શિષ્ય શ્રી મણી સાગરજી પાસેથી આઠ કર્મની એકસો અટાવન પ્રકૃતીનાં પાનાં ગામ વસોયમાં મળ્યાં તેથી તેમનો તથા નવ તત્વના બોલ લવારની પોળના નિવાસી મયત શેઠજી સરૂપચંદ ઉમેદચંદે સુધાર્યા તે વાસ્તે તેમનો ઉપકાર માનુંછું.

આ લઘુ પુસ્તકમાં અતિ મંદતાથી આંખ દોષથી તથા વીતરાગ આજ્ઞાથી વિરૂદ્ધ જે કાંઈ લખાયું હોય તે સુજ્ઞ સજ્જનોએ સુધારીને વાંચવા કૃપા કરવી.

તા. ૧–૭–૮૯ } લી. શા. બાલાભાઇ કકલભાઇ.
અમદાવાદ }

અનુક્રમણિકા.

श्री वीतरागाय नमः

॥ अथ ॥

श्री नव तत्वना छुटा बोल.

૧ લો જીવતત્વ.* ૨ જો અજીવતત્વ.
૩ જો પુન્યતત્વ. ૪ થો પાપતત્વ.
૫ મો આશ્રતત્વ. ૬ ઠો સંવરતત્વ.
૭ મો નિર્જરાતત્વ. ૮ મો બંધતત્વ.
૯ મો મોક્ષતત્વ.

પ્રાણોને ધારે તે જીવ કહીએ અથવા જ્ઞાનાદિક ચેતના લક્ષણ તે જીવ ૧ જ્ઞાનાદિક ચેતના લક્ષણ રહીત તે અજીવ ૨ કર્મની શુભ પ્રકૃતિ તે પુન્ય ૩ કર્મની અશુભ પ્રકૃતિ તે પાપ ૪ જે થકી કર્મ આવે તે આશ્રવ ૫ જે થકી આવતાં કર્મ રોકાય તે સંવર ૬ દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા ૭ જુનાં કર્મ સાથે નવાં કર્મનું મળવું તે બંધ ૮ સર્વ કર્મનો ક્ષય તે મોક્ષ.

૧ લા જીવતત્વના ૧૪ ભેદ.
૨ જા અજીવતત્વના ૧૪ ભેદ.
૩ જા પુન્યતત્વના ૪૨ ભેદ.

* તત્વ=સ્વરૂપ, ભેદ, પ્રકાર.

૪ થા પાપતત્વના ૮૨ ભેદ.

૫ મા આશ્રવના ૪૨ ભેદ.

૬ ઠા સંવરતત્વના ૫૭ ભેદ.

૭ મા નિર્જરાતત્વના ૧૨ ભેદ.

૮ મા બંધતત્વના ૪ ભેદ.

૯ મા મોક્ષતત્વના ૯ ભેદ.

તે બધા નવે તત્વના સર્વે ભેદ ૨૭૬ થયા તેમાં ૮૮ ભેદ અરૂપી છે. અને ૧૮૮ ભેદ રૂપી છે. તેની વીગત નીચે પ્રમાણેઃ—

અંક	નામ.	રૂપિભેદ	અરૂપીભેદ	હેય*જ્ઞેયાદિ
૧	જીવ	૧૪	૦	જ્ઞેય
૨	અજીવ	૪	૧૦	જ્ઞેય
૩	પુન્ય	૪૨	૦	ઉપાદેય
૪	પાપ	૮૨	૦	હેય
૫	આશ્રવ	૪૨	૦	હેય
૬	સંબર	૦	૫૭	ઉપાદેય
૭	નિર્જરા	૦	૧૨	ઉપાદેય
૮	બંધ	૪	૦	હેય
૯	મોક્ષ	૦	૯	ઉપાદેય
		૧૮૮	૮૮	

* હેય=છોડવા યોગ્ય; જ્ઞેય=જાણવા યોગ્ય; ઉપાદેય=આદરવાં યોગ્ય.

જીવની છ જાતીઓ છે.

એકવિધ—સર્વ જીવને શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો છે તેથી સચેતન એટલે ચેતના લક્ષણવાન છે માટે એકવિધ જાણવો.

દ્વિવિધ—ત્રસ અને થાવર—ત્રસ એટલે ચલન શક્તિમાન હોય તડકેથી છાયાયે આવે અને છાયાથી તડકે જાય તથા ભય દેખી ત્રાસ પામે તેને ત્રસ કહિયે. સ્થાવર એટલે સ્થીરતાવાન જાણવા. એમ સર્વ જીવ દ્વિવિધ જાણવા.

ત્રિવિધ—વેદ ત્રણ છે સ્ત્રીવેદ પુરૂપવેદ ને નપુંસક વેદ એમ સર્વ જીવ ત્રિવિધ જાણવા.

ચતુર્વિધ—ગતિ ચાર છે. દેવતા, મનુષ્ય, નારકી, ને તિર્યંચ એમ સર્વ જીવ ચતુર્વિધ જાણવા.

પંચવિધ—ઈંદ્રિય પાંચ છે. એકિંદ્રિય, બેંદ્રિય, તેંદ્રિય, ચોરિંદ્રિય, પંચિંદ્રિય. એમ સર્વ જીવ પંચવિધ જાણવા.

ષડ્વિધ—કાય છ છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ને ત્રસકાય. એમ સર્વ જીવ ષડ્વિધ જાણવા.

એકિંદ્રિયના બે ભેદ સુક્ષ્મ અને બાદર. પાંચ સ્થાવર એકિંદ્રિય છે.

સુક્ષ્મ એટલે ચોદરાજ્ય લોકમાં જે વ્યાપી

રહ્યા છે, જે પર્વત પ્રમુખને ભેદીને જાય આવે, કોઈ વસ્તુથી છેદાય ભેદાય નહીં, અગ્નિથી બળે નહીં એવા ચર્મદૃષ્ટીએ અદ્રશ્ય, મનુષ્યના ઉપયોગમાં ન આવે એવા નિરતિશયિ સુક્ષ્મ નામ કર્મોદયવંતને સુક્ષ્મ કહે છે.

બાદર—જેનિયત સ્થાન વર્તી છે. પરંતુ કોઈ વસ્તુને છેદી ભેદી શકે નહીં, જે બીજી વસ્તુથી છેદાય ભેદાય, જેને અગ્નિ બાળી શકે, ચર્મદ્રષ્ટીથી જોઈ શકાય, મનુષ્યાદિક સર્વ પ્રાણીના ઉપયોગમાં આવી શકે એવા દૃશ્ય, સાતિશયિ બાદર નામ કર્મોદયવંતને बादर કહે છે.

હવે પંચેંદ્રિય (ત્વચા, જીભ, નાક, ચક્ષુને કાનવાળાં) ના બે ભેદ છે. સન્નિ ને અસન્નિ.

સન્નિતે મનસંજ્ઞા સહિત,

અસન્નિતે મન સંજ્ઞા રહિત.

બેંદ્રિયનો એક ને તેંદ્રિયનો એક ચૌરિંદ્રિનો એક એ પ્રમાણે બધા મળી સાત ભેદ નીચે પ્રમાણે થયા.

૧ સૂક્ષ્મ એકિંદ્રિય	૨ બાદર એકિંદ્રિય
૩ બેંદ્રિય	૪ તેંદ્રિય
૫ ચૌરિંદ્રિય	૬ સન્નિ પંચિંદ્રિય
૭ અસન્નિ પંચિંદ્રિય.	

ઉપલા સાતે ભેદના જીવો બે પ્રકારે છે—

૧ પર્યાપ્તા, ૨ અપર્યાપ્તા.

૧ પર્યાપ્તા—જેને જેટલી પર્યાપ્તી કહી છે તેટલી પૂરી કીધા પછી મરણ પામે તે (પર્યાપ્તી=આહારાદીક પુદ્‌ગલનો મેળાપ.)

૨ અપર્યાપ્તા—જેને જેટલી પર્યાપ્તી કહી છે તેટલી પૂરી કીધા વીના મરણ પામે તે.

હવે જીવના ૧૪ ભેદ થયા તે નીચે પ્રમાણે.

૧ સૂક્ષ્મ એકિંદ્રિય પર્યાપ્તા.
૨ સૂક્ષ્મ એકિંદ્રિય અપર્યાપ્તા.
૩ બાદર એકિંદ્રિય પર્યાપ્તા.
૪ બાદર એકિંદ્રિય અપર્યાપ્તા.
૫ બેંદ્રિય પર્યાપ્તા.
૬ બેંદ્રિય અપર્યાપ્તા.
૭ તેંદ્રિય પર્યાપ્તા.
૮ તેંદ્રિય અપર્યાપ્તા.
૯ ચૌરિંદ્રિય પર્યાપ્તા.
૧૦ ચૌરિંદ્રિય અપર્યાપ્તા.
૧૧ સન્નિ પંચિંદ્રિય પર્યાપ્તા.
૧૨ સન્નિ પંચિંદ્રિય અપર્યાપ્તા.
૧૩ અસન્નિ પંચિંદ્રિય પર્યાપ્તા.
૧૪ અસન્નિ પંચિંદ્રિય અપર્યાપ્તા.

આ ચૌદ ભેદ જીવતત્વના જાણવા

હવે જીવનું લક્ષણ કહે છે.

જ્ઞાન—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મનઃ પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, એ પાંચ જ્ઞાન સમ્યકત્વ આશ્રયીને કહ્યું છે. એની સાથે મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન તે ત્રણ અજ્ઞાન મિથ્યાત્વ આશ્રયી છે એ બધાં મળી આઠમાંનું ગમે તે એક અથવા અધિક જેમાં હોય.

દર્શન—ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ એ ચાર દર્શનમાંનું એક અથવા અધિક જેમાં હોય.

ચારિત્રઃ—સામાયિક, છેદોપસ્થાપનીય; પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશ વિરતિ, અવિરતિ એ સાતપ્રકારના ચારિત્રમાંનું કોઈ હોય.

તપ—બે પ્રકારે દ્રવ્ય અને ભાવ તેમાંથી એક અથવા અધીક હોય.

વીર્ય—કરણ તથા બળ પરાક્રમરૂપ એ બેમાંનું એક કે વધારે જેમાં હોય.

ઉપયોગ— પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ને ચાર દર્શન એ બાર પ્રકારના સાકાર નિરાકારરૂપ ઉપયોગમાંનો કોઇ પણ એક કે વધારે જેમાં હોય તેને જીવ કહીયે.

એ ગુણ જીવ વીના બીજામાં હોય નહી એ પ્રમાણે જીવનું લક્ષણ જાણવું.

હવે પર્યાપ્તા જીવોનું વર્ણન કરતાં છ પર્યા-

એનીનું સ્વરૂપ બતાવે છે.

પર્યાપ્તી:—પુદ્ગલના ઉપચયથી થયો જે પુદ્ગલ પરિણમન હેતુ શક્તિ વિશેષ તેને પર્યાપ્તિ કહેછે.

પર્યાપ્તિના છ ભેદ.

૧ આહાર પર્યાપ્તિ—હરેક જીવને ભવાંતરની ઉત્પત્તિ સમયે જે શક્તિવડે આહાર લેઇને તેને રસપણે પરિણમાવવાની જે શકિત વિશેષ તે.

૨ શરીર પર્યાપ્તિ–પછી રસરૂપ પરિણામને રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ સાત ધાતુપણે પરિણમાવીને શરીર બાંધવાની જે શક્તિ વિશેષ તે.

૩ ઇંદ્રિય પર્યાપ્તિ=સાત ધાતુપણે પરિણમાવ્યો જે રસ, તે જેને જેટલાં દ્રવ્ય ઇંદ્રિય જોઇયે, તેને તેટલાં ઈંદ્રિયપણે પરિણમાવવાની જે શક્તિ વિશેષ તે. ઉપરની ત્રણપુરી કર્યા વીના કોઇ જીવ મરે નહીં.

૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ= ઉપરની ત્રણ પર્યાપ્તિ બાંધીને પછી શ્વાસોશ્વાસ યોગ્ય વર્ગણાનાં દલિક લઈ શ્વાસોશ્વાસપણે પરિણમાવીને અવલંબી મુકવાની જે શક્તિ વિશેષ તે.

૫ ભાષા પર્યાપ્તિ=ભાષા યોગ્ય પુદ્ગલ લઈ, ભાષાપણે પરિણમાવીને અવલંબી મુકવાની જે શકિત વિશેષ તે.

૬ મનઃ પર્યાપ્તિ=મનોવર્ગણા યોગ્ય પુદ્ગલ લઈ, મનપણે પરિણમાવીને અવલંબી મૂકવાની જે શકિત વિશેષ તે.

અથ અજીવતત્વ.

અરૂપી અજીવના ૧૦ ભેદ ને રૂપી અજીવના ૪ ભેદ તેમાં અરૂપી અજીવના ૧૦ ભેદની વીગત—

૧ ધર્માસ્તિકાય (ચલનસ્વભાવ ગુણ વાળો.) (અસ્તિકાય= પ્રદેશનો સમુહ) ના ત્રણ ભેદ.

૧ ખંધ (આખો પદાર્થ)

૨ દેશ (ખંધની સાથે સંબંધવાળો તેનો કેટલોક ભાગ.)

પ્રદેશ (ભાગવાથી બીજો ભાગ થઈ શકે નહીં તે.)

૨ અધર્માસ્તિકાય (સ્થિરરાખવાના સહજગુણવાળો) ના ત્રણ ભેદ.

૧ ખંધ, ૨ દેશ, ૩ પ્રદેશ.

૩ આકાશાસ્તિકાય =એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જતાં જે અવકાશ આપે તે. તેના ત્રણ ભેદ.

૧ ખંધ, ૨ દેશ, ૩ પ્રદેશ.

૧ કાળનો ભેદ કાળ અથવા અધ્ધા એટલે કાળ કહીએ.

રૂપી અજીવના ચાર ભેદ.

૧ પુદ્‌ગલ ખંધ ૨ દેશ, ૩ પ્રદેશ.
૪ પરમાણુ (ખંધથી ભિન્ન થએલો નિર્વિભાજ્ય ભાગ.)

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દને રૂપ રહીત અસંખ્યાત પ્રદેસીચઉદ રાજ લોક વ્યાપી છે. ને આકાશાસ્તિકાય લોકાલોક વ્યાપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દને રૂપ રહિત અનંત પ્રદેસી છે, પણ પુદ્‌ગલાસ્તિકાય વર્ણ, ગંધરસ, સ્પર્શ, શબ્દને રૂપ સહીત, સચીત, અચીત, ને મીશ્ર ગમે તેવો શબ્દ, અંધકાર પ્રકાશ ચંદ્રમાની જયોતિ છાયા, સૂર્યનો આતાપ ઇત્યાદિ ગુણવાળો ચૌદ રાજ્યલોક વ્યાપક, સંખ્યાત, અસંખ્યાતને અનંત પ્રદેશી પૂરણગલન છે.

અથ પુણ્ય તત્વ.

પુણ્ય નવ પ્રકારે બંધાય છે ને બેતાળીશ પ્રકારે ભોગવાય છે, તે કહે છે.

૧ સાધુ પ્રમુખને અન્ન દીધાથી.
૨ પાણી દીધાથી.
૩ રહેવાને સ્થાનક દેવાથી.
૪ સૂવાને પાટ પ્રમુખ દેવાથી
૫ પેહેરવા અથવા ઓઢવાને વસ્ત્ર દીધાથી.

૬ તે વિશે મને કરી શુભ સંકલ્પ કર્યાથી.
૭ વચને કરી સ્તુત્યાદિક કર્યાથી.
૮ કાયાએ કરી સેવા કર્યાથી.
૯ હાથે કરી નમસ્કારાદિ કર્યાથી.
એ નવ પ્રકારે પુણ્ય બંધાય છે.

હવે બેતાળીશ પ્રકારે જીવ પુણ્ય ભોગવે તે કહે છે.

૧ શાતાવેદનીય (જેના ઉદયે જીવ સુખ અનુભવે અથવા શાતા પામે તે)
૨ ઉચ્ચગોત્ર (ઉચ્ચ કુળમાં જન્મ ધારણ કરી લોકમાં પૂજા પ્રતિષ્ઠાદિક પામે તે)
૩ મનુષ્યની ગતિ (જેના ઉદયે મનુષ્યની ગતિ પામે તે)
૪ મનુષ્યની અનુપૂર્વી (જેના ઉદયે મનુષ્યની અનુપૂર્વી પામે તે. ત્રીજો ને આ બે મનુષ્યદ્વિક કહીએ) અનુપૂર્વી [ગત્યાંતરમાં વાંકા જતાં બળદની નાથની પેરે સીધો લેઈ જનાર.]
૫ દેવગતિ } આ બે જેના ઉદયે પામે
૬ દેવની અનુપૂર્વી } તેને સુરદ્વિક કહીએ.
૭ પંચેંદ્રિની જાતિ (પંચેંદ્રિયપણું જેના ઉદયે પામીએ તે.)
૮ ઔદારિક નામકર્મ (જેથી ઓદારીક શરીર યોગ્ય પુદ્ગલગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળ-

વે તે) તે પ્રમાણે સર્વે શરીરને સમજવું.

૯ વૈક્રિય શરીર (જેથી વૈક્રીય શરીર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે.)

વૈક્રિય શરીરના બે ભેદ છે.

૧ ઔતપાતીક (દેવતાનેતથાનારકીને હોય છે.)

૨ લબ્ધિ પ્રત્યયીઆ (તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિ વંતને હોય છે તે.)

૧૦ આહારક શરીર (ચૌદ પુર્વધર મુનિરાજ તીર્થંકરની રિદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણ દેહધારણ કરે છે તે.)

૧૧ તૈજસ શરીર (આહારનુ પચાવનાર તથા તેજો લેશ્યાનો હેતુ.)

૧૨ કાર્મણ શરીર (કર્મના પરમાણુ આત્મ પ્રદેશાની સાથે મળ્યાં છે તેજ જાણવું.

૧૩ ઔદારિક અંગોપાંગ, શરીરના બે હાથ, બે ખભા, એક પીઠ, એક માંથુ, એક ઉદર, એક હૃદય એ આઠઅંગ અને આંગલાં પ્રમુખ ઉપાંગ.

૧૪ વૈક્રિય અંગોપાંગ.

૧૫ આહારક અંગોપાંગ. તૈજસ અને કારમણ શરીરને અંગોપાંગ નથી.

૧૬ વજ્રરીષભ નારાચ સંઘયણ (વજ્ર=ખીલી. રીષભ=પાટો. નારાચ=બે પાસા મર્કટ બંધ તેના

પર પાટો ને તે ઉપરખીલી.)

૧૭ સમ ચતુરસ્ર સંસ્થાન.

જેના ઉદયથી પર્યંકાસન કરી બેઠા છતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાનાં એકસો આઠ અંગુલ પ્રમાણ દેહ ભરાય તેની પ્રાપ્તિ તે સમ ચતુરસ્ર સંસ્થાન કહીએ.

૧૮ શુભવર્ણ (શ્વેત, રક્ત, પીતરૂપ.)

૧૯ શુભગંધ (સારી ગંધરૂપ.)

૨૦ શુભરસ (મીઠા કશાએલા રૂપ)

૨૧ શુભ સ્પર્શ (હળવો, સુવાળો, ઉનો, ચોપડો)

૨૨ અગુરૂ લઘુ નામકર્મ (જેના ઉદયથી મધ્યસ્થ વજનદાર શરીરની પ્રાપ્તી થાય તે)

૨૩ પરાઘાત નામકર્મ (જેના ઉદયથી ગમે તેવા બળવાનને જીતવા સમર્થ થાય તે.)

૨૪ શ્વાસોશ્વાસ નામકર્મ (જેના ઉદયથી સુખ પુર્વક શ્વાસોશ્વાસ લેઈ શકાય તે.)

૨૫ આતાપ નામ કર્મ (જેના ઉદયથી સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કરવાના હેતુ રૂપ તેજો યુક્ત શરીરની પ્રાપ્તી થાય તે.)

૨૬ ઉદ્યોત નામ કર્મ (જેના ઉદયથી ચંદ્ર બિંબની પેઠે શીતળતાને ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજો યુક્ત શરીરની પ્રાપ્તિ થાય તે.)

૨૭ શુભખગતિ (જેના ઉદયથી વૃષભ તથા હંશ-
ની પેઠે સારી ચલન શક્તિની પ્રાપ્તિ થાય તે.)

૨૮ નિર્માણ નામ કર્મ (જેના ઉદયથી સુથારની
પેઠે પોતાના અંગનાં સર્વ અવયવ યોગ્ય સ્થ-
ળે ગોઠવવાની શક્તિ હોય તે.

૨૯ થી ૩૮ ત્રસ દશક નામ કર્મ (જેના ઉદયથી
ત્રસાદિદશ પ્રકૃતિની પ્રાપ્તિ થાય તે.) તે ત્ર-
સાદિદશ નિચે પ્રમાણે—

૧ ત્રસનામકર્મઃ—જેના ઉદયથી જીવને બેંદ્રિયા-
દિ શરીરની પ્રાપ્તિ થાય તે.

૨ બાદરનામકર્મઃ-જેના ઉદયથી બાદર (દેખાય
તેવા.) શરીરની પ્રાપ્તિ થાય તે.

૩ પર્યાપ્તિ નામકર્મઃ—(જેના ઉદયથી આપઆ-
પણી પર્યાપ્તિ પૂરી કરે તે.)

૪ પ્રત્યેક નામકર્મઃ—જેના ઉદયથી ઔદારિક વૈ-
ક્રીય પ્રમુખ ભિન્નભિન્ન શરીરની પ્રાપ્તિ થાય
પણ અનંતા જીવ વચ્ચે એક શરીર ન પા-
મે તે.)

૫ સ્થીર નામકર્મઃ-(જેના ઉદયથી શરીરના
દંતાદિક અવયવોને સ્થિરતાની પ્રાપ્તિ થાય તે.

૬ શુભ નામકર્મઃ—(જેના ઉદયથી શરીરના સર્વ
અવયવ સારા હોય અથવા નાભીના ઉપરનુ
શરીર સારૂં હોય તે.)

૭ સૌભાગ્ય નામકર્મઃ—(જેના ઉદયથી સર્વ લો-
કને પ્રીય થાય તે.)

૮ સુસ્વર નામકર્મઃ-(જેના ઉદયથી વાણીમાં કો-
યલના જેવી મધુરતા આવે તે.)

૯ આદેય નામકર્મઃ-(જેના ઉદયથી લોકના વિષે
માનનીય વચન થાય તે.)

૧૦ યશો નામકર્મઃ-(જેના ઉદયથી લોકને વિષે
જશકીર્ત્તિ થાય તે.)

૩૯ સુરાયુષ્યરૂપ—(જેના ઉદયથી દેવતાના આયુ-
ષ્યની પ્રાપ્તિ થાય છે તે.)

૪૦ નરાયુષ્યરૂપ—(જેના ઉદયથી મનુષ્યના આ-
યુષ્યની પ્રાપ્તી થાય તે.)

૪૧ તિર્યંચાયુષ્યરૂપ—(જેના ઉદયથી તિર્યંચના આ-
યુષ્યની પ્રાપ્તિ થાય છે તે.)

૪૨ તીર્થંકર નામકર્મ (જેના ઉદયથી ત્રિભુવનને
પુજ્યપણુ પ્રાપ્ત થાય છે તે.)

ઇતિ પુણ્યતત્વ.

અથ પાપતત્વ.

પાપતત્વનું વર્ણન કરતાં અઢાર પ્રકારે પાપ બંધાય તથા બ્યાસી પ્રકારે ભોગવાય તે કહે છે.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેશ, ક-

લહ, અભ્યાખાન, પૈશુન્ય, રતિઅરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય. એ અઢાર પ્રકારે પાપ બંધાય.

હવે બ્યાસી પ્રકારે પાપકર્મ ભોગવાય તે કહે છે:—

૧ મતિજ્ઞાનાવરણીય=જેના ઉદયથી પાંચ ઈંદ્રિય તથા મનોદ્વારાએ નિયત વસ્તુનું જ્ઞાન થાય છે એવા મતિજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૨ શ્રુતજ્ઞાનાવરણીય=જેના ઉદયથી શાસ્ત્રાનુંસારે જે જ્ઞાન થાય છે એવા શ્રુતજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૩ અવધિજ્ઞાનાવરણીય=ઈંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્મ દ્રવ્યને જે સાક્ષાત્ રૂપી દ્રવ્યને જાણવાનું જે જ્ઞાન તેવા અવધિજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૪ મન:પર્યવ જ્ઞાનાવરણીય=જેના ઉદયથી સંની પંચેંદ્રિયના મનોગતભાવ જાણવાનું જે જ્ઞાન થાય છે એવા મન:પર્યવજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

૫ કેવળજ્ઞાનાવરણીય=જેના ઉદયથી પુર્વોક્તચાર જ્ઞાન રહિત જે એકલું નિરાવરણ જ્ઞાન હોય એવા કેવળજ્ઞાનનું જે આચ્છાદન થાય તે.

એ રીતે પાંચ પ્રકારના જ્ઞાનને જે આચ્છા-

દન કરે તે જ્ઞાનાવરણીય પાપકર્મ કહીએ.

૬ દાનાંતરાય=જેના ઉદયથી પોતાના ઘરમાં દેવા યોગ્ય વસ્તુ છતાં તથા દાનનું ફળ જાણતાં છતાં પણ આપી શકાય નહીં તે.

૭ લાભાંતરાય=જેના ઉદયથી દાતાર છતાં, દાતારના ઘરમાં વસ્તુ છતાં માગનાર ડાહ્યો છતાં પણ જે માગેલી વસ્તુ ન મળે તે.

૮-૯ ભોગોપભોગાંતરાય=જેના ઉદયથી પોતે યૌવન છતાં સુરૂપ છતાં તથા ભોગોપભોગ્ય વસ્તુની પ્રાપ્તી થઈ છતાં પણ તે ભોગવાઈ ન શકાય તે.

૧૦ વીર્યાંતરાય=જેના ઉદયથી પોતે યૌવન, રોગરહિત તથા બળવાન છતાં પણ જેથી પોતાની શક્તિ ફોરવાઈ શકાય નહીં તે.

એવી રીતે પાંચ પ્રકારે જે આડું આવે તેને અંતરાય કર્મ કહીએ.

હવે દર્શનાવરણીય કર્મના નવ ભેદ આવે છે તેમાં ચારભેદ દર્શનના (સામાન્ય ઉપયોગ) છે ને પાંચ નિદ્રાના છે તે કહે છે.

૧૧ ચક્ષુ દર્શનાવરણીય=જેના ઉદયથી આંખે કરી જે રૂપનું સામાન્યપણે ગૃહણ થાય એવા ચક્ષુ દર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૨ અચક્ષુ દર્શનાવરણીય=જેના ઉદયથી ચક્ષુ વીના

ચાર ઇંદ્રિય તથા મને કરી પોત પોતાના વિષયનું જે સામાન્યપણે ગ્રહણ થાય એવા અચક્ષુ દર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૩ અવધિ દર્શનાવરણીય=જેના ઉદયથી સામાન્યપણે જે રૂપી દ્રવ્યનું મર્યાદાપણે ગ્રહણ થાય છે. એવા અવધિ દર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૪ કેવળ દર્શનાવરણીય=જેના ઉદયથી સમસ્ત વસ્તુનુ જે સામાન્યપણે દેખવું થાય છે એવા કેવળ દર્શનનું જે આચ્છાદન થાય તે.

૧૫ નિદ્રારૂપ=જેના ઉદયથી નિદ્રાવસ્થા થઇ ગયા પછી સુખ પૂર્વક જાગૃદવસ્થાની પ્રાપ્તિ થાય તે.

૧૬ નિદ્રાનિદ્રારૂપ=જેના ઉદયથી નિદ્રાવસ્થા થઇ ગયા પછી દુ:ખરૂપ જાગૃદવસ્થાની પ્રાપ્તિ થાય તે.

૧૭ પ્રચલારૂપ=જેના ઉદયથી બેસતાં તથા ઉઠતાં નિદ્રા આવ્યા કરે તે.

૧૮ પ્રચલાપ્રચલારૂપ=જેના ઉદયથી હરતાં ફરતાં પણ નિદ્રા આવે તે.

૧૯ થીણદ્ધીરૂપ= જેના ઉદયથી દિવસનું ચિંતવેલું કામ રાત્રિને વિષે નિદ્રાસમયે જાગૃતની પેઠે થાય છે તે. થીણદ્ધીનીદ્રાના સમયે પ્રાણી વાસુદેવના અર્ધબળ યુક્ત હોય છે અને તે જીવ નર્ક ગામી જાણવો.

૨૦ નીચગોત્રરૂપ=જેના ઉદયથી પોતે રૂપવાન તથા

ધનવાન છતાં નીચ કુળને વિષે ઉત્પન્ન થાય તે-

૨૧ આશાતા વેદની=જેના ઉદયથી દુઃખનો અનુભવ થાય તે.

૨૨ મિથ્યાત્વમોહનીય=જેના ઉદયથી વીતરાગના વચનની વિપરીત સદહણા થાય તે.

૨૩ થી ૩૨ સુધી સ્થાવરદશક=જેના ઉદયથી સ્થાવરદશકની પ્રાપ્તી થાય તે.

સ્થાવરદશકની વિગત.

૨૩ સ્થાવરનામ=જેના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય, તેથી જો તાપાદિકે પીડાય તો પણ ત્યાંથી ખશી શકાય નહીં તે.

૨૪ સૂક્ષ્મનામ=જેના ઉદયે દ્રષ્ટિને અગોચર એવા સર્વ લોકમાં વ્યાપી રહેલા સૂક્ષ્મપણાની પ્રાપ્તી થાય તે સૂક્ષ્મ પૃથિવ્યાદિક પાંચજ જાણવા.

૨૫ અપર્યાપ્તનામ=જેના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના જે મરણ પામે તે.

૨૬ સાધારણનામ=જેના ઉદયથી અનંત જીવ વચ્ચે એક ઔદારિક શરીરની પ્રાપ્તિ થાય એવી નિગોદ અવસ્થા તે.

૨૭ અસ્થિરનામ=જેના ઉદયથી શરીરમાં દંતાદિક અવયવ અસ્થિર હોય તે.

૨૮ અસુભનામ=જેના ઉદયથી નાભિની નીચે-

ના અંગનો ભાગ સારો ન હોય, પાદાદિ-
કના સ્પર્શે આગલો રોષ કરે તે.

૨૯ દુર્ભાગ્યનામ=જેના ઉદયથી સર્વ લોકને અ-
ળખામણો લાગે તે.

૩૦ દુઃસ્વરનામ=જેના ઉદયથી કાનને અપ્રિય લા-
ગે એવા કાગડાના સ્વર જેવો સ્વર આવે તે.

૩૧ અનાદેયનામ=તેના ઉદયથી લોકને વિષે તે-
નું બોલવું કોઈ માન્ય કરે નહીં તે.

૩૨ અયશનામ=જેના ઉદયથી લોકમાં અપ-
કીર્તિ થાય પણ કોઈ યશ બોલે નહીં તે.

એ સ્થાવરદશક થયું. તે પુણ્યતત્વના ત્રસ
દશકથી વિપરીતાર્થ જાણી લેવું.

૩૩થી ૩૫ નરકત્રિક=જેના ઉદયથી નરકનું આઉખું,
નરકની ગતિ અને નરકની અનુપૂર્વી પામીએ તે.

સામાન્યથી ૧૬ કષાયને નવ નોકષાય એમ પ-
ચ્ચીસ કષાય છે તે નીચે પ્રમાણે.

અનંતાનુબંધીના ચાર ભેદ.

૩૬ થી ૩૯ જેના ઉદયથી અનંત સંસાર બંધાય.
ક્રોધ, માન, માયા, લોભ એ ચાર જાવજીવ-
લગી કાયમ રહે. સમ્યકત્વ આવવા નદે ને છે-
વટે નરકમાં પોહોચાડે તેમાં ક્રોધ પર્વતની લીં-
ટી જેવો છે, માન પાષાણના થાંભલા જેવું છે,
માયા વંશના મૂળ જેવી છે, લોભ કર્મજના રં-
ગ જેવો છે.

અપ્રત્યાખ્યાનીયના ચાર ભેદ.

૪૦ થી ૪૩ જેના ઉદયથી થોડું પ્રત્યાખ્યાન પણ ન પામે. અને ક્રોધ, માન, માયા, લોભ, એક વર્ષ સુધી કાયમ રહે છે. દેશ વિરતિપણું આવવા ન-દે અંતે તિર્યંચની ગતિ આપે તે ક્રોધ સુકાએલા તળાવની રેખા જેવો છે, માન હાડકાના થાંભલા જેવું છે, માયા મેંઢાના શિંગડા જેવી-છે, લોભ નગરના ખાળના કાદવના રંગ જેવો છે.

૪૩ થી ૪૭ પ્રત્યાખ્યાનીય=જેના ઉદયથી સર્વ વિરતિરૂપ પ્રત્યાખ્યાનને આચ્છાદન થાય. તેના ચાર ભેદ ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર માસ ટકે સર્વ વિરતિરૂપ ચારિત્રનો ઘાત કરે અંતે મનુષ્યની ગતિ અપાવે. એ ક્રોધ રેતીની લીટી જેવો છે. માન કાષ્ટના થાંભલા જેવું છે, માયા બળદના મૂત્રની રેખા જેવી છે ને લોભ ગાડ્ડાની મળીના રંગ જેવો છે.

૪૭ થી ૫૧ સંજવલન=જેના ઉદયથી ચારીત્ર ધારણ કરનાર થોડું કદીપે એના ક્રોધ, માન, માયા લોભ એ ચાર ભેદ છે. એ પંદર દિવસ રહે. યથાખ્યાત ચારિત્રને આવરણ કરે ને દેવગતિ આપે છે. એ ક્રોધ પાણીની રેખા જેવો છે માન નેતરના થાંભલા જેવું છે. માયા વાંશની છોલ જેવી છે ને લોભ હળદરના રંગ જેવો છે.

એવી રીતે ચાર ચાર ભેદે ૧૬ કષાયનું વર્ણન કરયું. હવે નવનોકષાયનું વર્ણન કરે છે. નોકષાય= જે કષાયને સહચારી હોય તે.

૫૧ થી ૫૭ હાસ્યષટ્ક=જેના ઉદયથી એક વસ્તુ નિમિતે બીજી નિમિત વિના એ બે પ્રકારે હાસ્ય રતિ, અરતિ શોક ભય તથા દુગંછાની ઉત્પત્તિ થાય તે.

૫૮ પુરૂષવેદ=જેના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઈચ્છા થાય તે તૃણની અગ્નિ જેવો.

૫૯ સ્ત્રી વેદ=જેના ઉદયથી પુરૂષ ભોગવવાની ઈચ્છા થાય તે બકરીની લેંડીઓની અગ્નિ જેવો.

૬૦ નપુંસક વેદ=જેના ઉદયથી સ્ત્રી, પુરૂષ બંને ભોગવવાની ઈચ્છા થાય તે નગર દાહ જેવો.

૬૧ થી ૬૨ તિર્યંચની ગતિ તથા તિર્યંચની અનુપૂર્વી જેના ઉદયથી મળે તે.

૬૩ એકેંદ્રિય જાતિ=જેના ઉદયથી પૃથ્વીકાયાદિક પાંચ સ્થાવરની જાતિના શરીરની પ્રાપ્તિ થાય તે.

૬૪ બેંદ્રિયજાતિ=જેના ઉદયથી શંખ પ્રમુખ જીવોની જાતિનું શરીર મળે તે.

૬૫ તેંદ્રિયજાતિ=જેના ઉદયથી જૂ માકણ આદિક જાતિનું શરીર મળે તે.

૬૬ ચઉરિંદિય જાતિ=જેના ઉદયથી વીંછી આદિક જાતિના શરીરની પ્રાપ્તિ થાય તે.

૬૭ અસુભ વિહાયોગતિ=જેના ઉદયથી ઉંટ અથવા ગધેડાની પેઠે નરસી ગતિ મળે તે.

૬૮ ઉપઘાત નામ=જેના ઉદયથી પોતાના જીભ, દાંત હરસ, રસોળી પ્રમુખ અવયવે કરી પોતેજ હણાય તે.

૬૯ થી ૭૨ અપ્રશસ્ત વર્ણ ચતુષ્ક=અશુભવર્ણ=કાળો રંગ, નીલો રંગ, અશુભ ગંધ=ખરાબ ગંધ અશુભરસ=તીખો, કડવો, અશુભફરસ=ભારે, ખરસટ, શીત, લુખો જે વડે મળે તે.

૭૩ થી ૭૭ અપ્રથમ સંઘયણ=પેહેલા વીના પાંચ સંઘયણની પ્રાપ્તી હોય તે.

૭૩ રીષભ નારાચ સંઘયણ (જેના બે પાસાં મર્કટ બંધ ઉપર પાટો હોય તે.)

૭૪ નારાચ સંઘયણ (જેને બે પાસે કેવળ મર્કટ બંધજ હોય તે.)

૭૫ અર્ધ નારાચ સંઘયણ (જેને એક પાસે કેવળ મર્કટ બંધ હોય તે.)

૭૬ કીલિકા સંઘયણ (જ્યાં માંહોમાંહે હાડકાંને એક ખીલીનો બંધ હોય તે.)

૭૭ છેવઠ્ઠુ સંઘયણ (ખીલી વીના માંહો માંહે અમસ્તાં અડકી રહ્યાં હોય તે.)

૭૮ થી ૮૨ અપ્રથમ સંસ્થાન=જેના ઉદયથી પેહેલા વીના નીચેનાં પાંચ સંસ્થાનની પ્રાપ્તી થાય તે.

૭૮ ન્યગ્રોધ પરિ મંડળ સંસ્થાન (વડની મા-
ફક નાભિ ઉપર સુલક્ષણ યુકતને નાભિ
નીચે નિર્લક્ષણવંત હોય તે.

૭૯ સાદિ સંસ્થાન=નાભિ નીચેનું અંગ સારૂં
પણ નાભિ ઉપરનું નરસું તે.

૮૦ વામન સંસ્થાન=ઉદર પ્રમુખ લક્ષણોપેત;
ને હાથ, પગ, માંથુ કટી પ્રમુખ પ્રમાણ ર-
હિત હોય તે.

૮૧ કુબ્જ સંસ્થાન (હાથ, પગ, માંથુ કટી
પ્રમુખ પ્રમાણોપેત અને ઉદર પ્રમુખ હીન
હોય તે.)

૮૨ હુંડક સંસ્થાન (સર્વ અવયવ અશુભ હોયતે.)

આ પ્રમાણે સર્વ મળી પાપ તત્વના બ્યાસી
ભેદ થયા.

ઇતિ પાપ તત્વ.

॥ અથ આશ્રવ તત્વ ॥

આશ્રવ તત્વના ૪૨ ભેદ છે તે કહે છે. જેણે
કરીને આત્મા વિષે કર્મોનું આવવું થાય તેને આ-
શ્રવ કહીએ.

પાંચ ઇંદ્રિ.

૧ ફરસ ઇંદ્રિ (સ્પર્શ કરનાર ઇંદ્રિ)
૨ રસ ઇંદ્રિ (જીભ)

૩ ઘ્રાણેંદ્રિ (નાસિકા)
૪ ચક્ષુ ઈંદ્રિ (આંખ)
૫ શ્રોત ઈંદ્રિ (કાન)

ચાર ક્રોધ.

૬ ક્રોધ (ગુસ્સો)
૭ માન (અભિમાન)
૮ માયા (કપટ)
૯ લોભ (ઘણું મેળવવાની ઇચ્છા.)

પાંચ અવ્રત.

૧૦ પ્રાણાતિપાત (પ્રાણનો નાશ)
૧૧ મૃખાવાદ (જૂઠું)
૧૨ અદત્તાદાન (ચોરી)
૧૩ મૈથુન (સ્ત્રી શેવન)
૧૪ પરિગ્રહ (વસ્તુનો સંગ્રહ)

ત્રણ યોગ.

૧૫ મનયોગ (શુભ અશુભની અંદર મનને જોડવું તે.)
૧૬ વચનયોગ (શુભ અનુભની અંદર વચનને જોડવું તે.)
૧૭ કાયયોગ (શુભ અશુભની અંદર કાયાને જોડવી તે.)

પચીસ ક્રિયા.

૧૮ કાયિકી ક્રિયા (કાયાને અજયણાએ પ્રવર્તાવતાં લાગે તે.)

૧૯ અધિકરણિકી ક્રિયા (ઘરનાં ઉપઘરણાદિ અધિકરણે
કરી જે જીવોનું હનન કરવું તે.)

૨૦ પ્રદ્વેષિકી ક્રિયા (જીવ અજીવ ઉપર દ્વેષનો વિ-
ચાર કરવો તે.

૨૧ પારિતાપનિકી ક્રિયા (પોતાને તથા પરને જે
પરિતાપ ઉપજાવવો તે)

૨૨ પ્રાણાતિપાતિકી ક્રિયા (એકેંદ્રિઆદિક જીવને
હણવો હણાવવો તે.)

૨૩ આરંભિકી ક્રિયા (ખેતી પ્રમુખની જે ઉત્પત્તિ
કરવી કરાવવી તે.)

૨૪ પરિગ્રહિકી ક્રિયા (ધનધાન્યાદિક નવ વિધ
પરિગ્રહ મેળવતાં તથા તેની ઉપર મોહ કરતાં
જે ક્રિયા લાગે તે.)

૨૫ માયાપ્રત્યયિકી ક્રિયા (માયાએ કરી બીજાને
ઠગવું તે.)

૨૬ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા (જીન વચન અ-
ણસદહતો થકો જે વિપરિત પ્રરૂપણા કરતાં
લાગે તે.)

૨૭ અપ્રત્યાખ્યાનિકી ક્રિયા (અવિરતિયે કરી પ-
ચ્ચખાણ કીધા વિના જે સર્વ વસ્તુની ક્રિયા
લાગે તે.)

૨૮ દ્રષ્ટિકી ક્રિયા (કૌતુકેં કરી અશ્વ પ્રમુખને જો-
વું તે.)

૨૯ સ્પૃષ્ટિ અથવા પૃચ્છિની ક્રિયા (રાગને વશ કરીને જે પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર પ્રમુખ સુકુમાર વસ્તુને સ્પર્શ કરવું તેથી જે ક્રિયા લાગે તે.)

૩૦ પ્રાતિત્યકી ક્રિયા=બીજાને ઘેર હસ્તી, ઘોડા, વસ્ત્ર, ભૂષણ પ્રમુખ દેખી દ્વેશ કરે, જે એ વસ્તુ એની પાસે કેમ એવું ચિંતવી કર્મ બંધ કરે તે.

૩૧ સામંતોપનિપાતિકીક્રિયા=પોતાના ઘોડા પ્રમુખને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા જોઈને જે હર્ષ આણવો તે અથવા દૂધ દહી ઘી તેલનાં વાસણ ઉઘાડાં મૂકયા થકી તેમાં જે ત્રસ જીવ આવી પડે તેથી જે લાગે તે.

૩૨ નૈસૃષ્ટિકી ક્રિયા (જે પરોપદેશિત પાપમાં ઘણો કાળ પ્રવૃતે તે પાપની ભાવથી અનુમોદના કરે તે.)

૩૩ સ્વહસ્તિકી ક્રિયા (પોતાના હાથથી જે કરે તે.)

૩૪ આજ્ઞાપનિકા ક્રિયા (શ્રી અરિહંત ભગવવાનની આજ્ઞા ઉલ્લંઘન કરી પોતાની બુદ્ધિથી જીવાજીવાદિપદાર્થની પ્રરૂપણા દ્વારાએ જે ક્રિયા લાગે તે.)

૩૫ વૈદારણિકા ક્રિયા (બીજાના અછતા માઠા આચરણને પ્રકાશ કરી, તેની પૂજાનો નાશ કરવો તેથી ઉત્પન્ન થયેલી જે ક્રિયા તે.) કાંઈ સચિત

વા અચિત ફળાદિક વિદારવાથી લાગે તે.

૩૬ અનાભોગિકી ક્રિયા (આભોગ એટલે ઉપયોગ તેથી જે વીપરીત હોય તેને અનાભોગ કહીએ; તેણે કરીને ઉપલક્ષીત જે ક્રિયા તે.)

૩૭ અનવકાંક્ષા પ્રત્યયકી ક્રિયા (પોતાની તથા પરની જે અપેક્ષા કરવી તેનું નામ અવકાંક્ષા તેથી જે વિપરીત તે અનવકાંક્ષા તેજ છે પ્રત્યય કે કારણ જેનું, એટલે પરમેશ્વરે કહેલી જે કરવા યોગ્ય વિધિયો તેમાંની કોઈ કોઈ પોતાને તથા કોઈ પરને હીતકારી છે તે વિધિમાં પ્રમાદના વશથી અનાદર કરવો તે અનવકાંક્ષા પ્રત્યયકી ક્રિયા.)

૩૮ પ્રયોગિકી ક્રિયા (પ્રયોગ તે દોડવા ચાલવાદિ કાયાનો વ્યાપાર; હિંસાકારી કઠોર જૂઠાદિક બોલવું તે વચનનો વ્યાપાર; બીજો પરાભિદ્રોહ ઈર્ષ્યા અભિમાનાદિ મનનો વ્યાપાર તે ત્રણ કરવાં તે.)

૩૯ સમુદાન ક્રિયા (જેણે કરીને વિષય ગ્રહણ કરીએ તે સમાદાન ઇંદ્રિય છે તેનો જે દેશથી અથવા સર્વથી ઉપઘાતરૂપ વ્યાપાર એટલે આદેશ દેઇને નિભાડાદિક કરાવે તે.)

૪૦ પ્રેમપ્રત્યય ક્રિયા (માયા તથા લોભે કરી જે થાય તે.)

૪૧ દ્વેષપ્રત્યયિકી ક્રિયા (ક્રોધ તથા માને કરી જે થાય તે.)

૪૨ ઇર્યાપથિકી ક્રિયા (ચાલવાથી જે ક્રિયા થાય તે.) એ ક્રિયા માંહેલી કેટલીએક ક્રિયાઓ આપસમાં સરખી જણાય છે તો પણ સરખી ન સમજવી.

ઇતિ આશ્રવ તત્વ.

અથ સંબર તત્વ.

સંબર તત્વના સત્તાવન ભેદ છે તેની વિગત નિચે પ્રમાણે:—

જેણે કરી નવા કર્મો આવતાં રોકાય તે સંબર. તે બે ભેદ. એક દ્રવ્ય તે નવાં કર્મોનું રોકાવવું તે. બીજું ભાવ તે સમિતિ પ્રમુખપણે કરી પરિણામને પામ્યું જે શુદ્ધ ઉપયોગરૂપ દ્રવ્યપણું તેથી ભાવ કર્મના રોધક આત્માના પરિણામ થાય છે તે.

તેમાં પ્રથમ પાંચ સમિતિ [સમ્યક્ ચેષ્ટા.]

૧ ઇર્યાસમિતિ (જવા આવવાને વિષે જયણા સહીત ઉપયોગ રાખવો તે.)

૨ ભાષા સમિતિ (બોલવામાં સમ્યક્ પ્રકારે ઉપગોગ રાખવો તે.)

૩ એષણા સમિતિ (બેતાળીસ દોષ રહીત આ-

હારાદિકની ગવેખણા કરવા તે.)

૪ આદાન નિક્ષેપણ સમિતિ (બેસતાં, ઉઠતાં, લેતાં ને મુકતાં પુંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો તે.)

૫ પારિષ્ઠાપનિકાસમિતિ (મળમુત્રાદિકને પરઠવતાં શુદ્ધ ભૂમી જોવાનો ઉપયોગ તે.)

ત્રણ ગુપ્તિ (ગુપ્તિ=યોગને ગોપવવા તે.)

૧ મનો ગુપ્તિ (મનને ગોપવવું તે.)

૨ વચન ગુપ્તિ (વચનને ગોપવવું તે.)

૩ કાય ગુપ્તિ (કાયાને ગોપવવી તે.)

આ આઠ બોલ ચારિત્રનો નિર્વાહ કરવાને માતા સમાન છે. માટે તેને પ્રવચન માતા કહે છે.

બાવીસ પરિસહ, (પરિસહ=સર્વ પ્રકારે કર્મ નિર્જરાને અર્થે જે દુઃખ સહન કરવું તે.)

૧ ક્ષુધા પરિસહ=ભૂખથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી. તે.

૨ પીપાસા પરિસહ (તરસથી થતી વેદના સહન કરવી તે.)

૩ શીત પરિસહ=ટાઢથી થતી વેદના સહન કરવી તે.

૪ ઉષ્ણ પરિસહ (તાપથી થતી આતાપના સહન કરવી તે.)

૫ ડંસ પરિસહ (જૂ, માંકડાદિનો ડંસ સમભાવે સહન કરવો તે.)

૬ અચેલક પરિસહ=જુનાં વસ્ત્રથી ખેદ ન પામે નવાંથી હર્ષ ન પામે તે.

૭ અરતિ પરિસહ (શીતાદિકના સંભવે કરી ઉત્પન્ન થતી અરતિ સહન કરવી તે.)

૮ સ્ત્રીપરિસહ (સ્ત્રીઓનાં અંગોપાંગ હાવભાવને દેખી પોતાના મનને સ્થીર રાખવું તે.)

૯ ચર્યા પરિસહ (આળસ રહીત થઈ ગામોગામ વિહાર કરવો તે.)

૧૦ નિષિધકી પરિસહ (શુન્ય ઘર સ્મશાનાદિકમાં કાઉસ્સગ્ગાદિ કરતાં સિંહાદિકનો ભય ઉપને ડરે નહીં તે.)

૧૧ શય્યા પરિસહ (ઉતરતાં ઉંચીનીચી, શીત, ઉષ્ણ, સકોમળ અથવા કઠણ ભૂમી અથવા આસન પામી ઉદ્વેગ કરે નહીં પણ સમ્યક્ પરિણામે દુઃખ સહન કરે તે.)

૧૨ આક્રોશ પરિસહ (ક્રોધનાં વચન સાંભળીને સાંખી રહેવાં તે.)

૧૩ વધ પરિસહ (પાટુ, ચાબક તથા લાકડીના પ્રહારથી અથવા વધથી પણ પોતે લગારે રોષ ન આણતાં સમ પરિણામે સહન કરે તે.)

૧૪ યાચના પરિસહ (ચક્રવર્ત્યાદિક સંજમ લઇને નિચઉંચ કુળે ભિક્ષા લેવા જતાં લજ્જા નઆણે તે.)

૧૫ અલાભ પરિસહ (કાંઇપણ ચીજની યાચના

કરતાં ગ્રહસ્થને ત્યાં હુએ છતે તે ન આપે તો તે ઉદ્વેગ ન ધરે અનિષ્ટ ચિંતવે નહીં બોલે નહીં પણ તે નકાર સમતા ભાવે સહન કરે તે.)

૧૬ રોગ પરિસહ (રોગની ઉત્પત્તિ થયે સતે અત્યંત વેદના થાય તો પણ આર્તધ્યાન ન કરતાં સમ્યક્ પ્રકારે સહન કરે તે.)

૧૭ તણફાસ પરિસહ (દાભની શય્યાએ સૂતાં તૃણના અગ્રભાગ ભોકાવાથી વેદના થાય તે સમ્યક્ પ્રકારે સહેવી તે.)

૧૮ મલ પરિસહ (તૃણના સ્પર્શે પરશેવાના સંજોગે મેલ થાય ને દીલ ગંધાય તોપણ સ્નાનની ઈચ્છા ન કરે અથવા હું આથી કયારે છુટીશ એવી ઈચ્છા ન કરે તે.)

૧૯ સત્કાર પરિસહ (આદર સત્કાર મળવાથી ઉત્કર્ષ ન આણવો અને ન મળવાથી વિખવાદ ન પામવો તે.)

૨૦ પ્રજ્ઞા પરિસહ (વિશેષે કરી શ્રુતનો જાણ હોય તેથી કોઈના પુછ્યાનો ઉત્તર ઝટ દેવાની શક્તિ હોય તેથી બહુમાન થાય તે જય દેખી પોતે ગર્વ ન ધરે અને તેના અભાવે ખેદ ન ધરે તે.)

૨૧ અજ્ઞાન પરિસહ (વસ્તુનું તત્વ શ્રુત જ્ઞાને જાણવું જેનામાં નથી તોપણ દીનતા ન દાખતાં એમ વીચારે જે એતો માહારે જ્ઞાનાવરણીય

કર્મનો ઉદય છે તે ભોગવવાથી અથવા તપ અનુષ્ઠાનથી દુર થશે પણ ઉદ્વેગ ન ધરે તે.)

૨૨ સમ્યકત્વ પરિસહ (પુર્વોક્ત અજ્ઞાનને લીધે શાસ્ત્રની ઝીણી વાતોમાં તથા દેવ, ગુરૂ, ધર્મની અસદહણા કરવી નહીં તથા શાસ્ત્રમાં દેવતા ઈંદ્રાદિક સમ્યક્દ્રષ્ટિ સાંભળીએ છીએ પણ તે સાનિધ્યકારી થતા નથી માટે હશે કે નહીં હોય તેવો વેહેમ ન આણવો તથા અન્ય મતીઓની રિદ્ધિ વૃધ્યાદિક ઉન્નતિ તથા તપશ્ચર્યાદિક કષ્ટ દેખી મૂઢ થવું નહીં તે.)

ઉપરના બાવીસ પરિસહ સમભાવે સહેવાતે સંબર. દશ પ્રકારે યતિ ધર્મ તે કહે છે.

૧ ક્ષમાધર્મ (ક્રોધનો જે અભાવ તે.)

૨ માર્દવ ધર્મ (માનનો જે ત્યાગ તે.)

૩ આર્યવ ધર્મ (કપટ રહીત પણું તે.)

૪ મુક્તિ ધર્મ (નિર્લોભતા તે.)

૫ તપધર્મ (ઇચ્છાનો જે નિરોધ તે.)

૬ સંજમ ધર્મ (પ્રાણાતિપાતાદિક પાંચનુ જે વિરમણ, પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય, ત્રણ દંડની નિવૃત્તિ, એ સત્તર ભેદે સંજમ ધર્મ.)

૭ સત્ય ધર્મ (સાચું બોલવું તે.)

૮ શૌચ ધર્મ (બેતાળીસ દોષ રહીત ભાત પાણી

પ્રમુખ આહાર લેવો તે સર્વ દ્રવ્યથી શૌચ; અને આત્માના જે શુદ્ધ અધ્યવશાય કષાયાદિકે રહીત શુદ્ધ પરિણામની વૃદ્ધિ તે ભાવ શૌચ અથવા મન વચન કાયા શુદ્ધ રાખવાં, સંજમને વિષે નિરતિચારપણું, તથા જીવ અદત્ત સ્વામી અદત્ત, ગુરૂ અદત્ત અને તિર્થંકર અદત્ત એ ચાર પ્રકારની ચોરીનો ત્યાગ કરવો તે.)

૯ આકિંચન ધર્મ (સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છા રહીત થવું તે.)

૧૦ બ્રહ્મચર્ય ધર્મ (નવ પ્રકારે ઐાદારિક સંબંધી તથા નવ પ્રકારે વૈક્રિય સંબંધી મૈથુનનો ત્યાગ કરવો તે.)

ઉપર બતાવેલા દશ ગુણ સહીત હોય તે જતી જાણવો.

હવે બાર ભાવનાનું વર્ણન ચાલે છે.

૧ અનિત્ય ભાવના (લક્ષ્મી, યોવન, કુટુંબ પરિવાર તથા આઉખા પ્રમુખને વિષે જે અનિત્યતાની ભાવના ભાવવી એટલે સંસારના સર્વ પદાર્થ તે કુસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બીંદુની માફક અસ્થિર જાણવા તે.)

૨ અશરણ ભાવના (સંસારમાં જન્મ જરા મરણના ભયથી રાખવાને એક ધર્મ વિના બીજું

કોઇ શરણ નથી એવું જે ભાવવું તે.)

૩ સંસાર ભાવના (માતા તે સ્ત્રી થાય, સ્ત્રી તે માતા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઇત્યાદિ આજીવે સંસારને વિષે સર્વ ભાવનો અનુભવ કર્યો છે એવું જે ભાવવું તે.)

૪ એકત્વ ભાવના (આ જીવ સંસારમાં એકલો આવ્યો છે ને એકલો જશે એવું ધારવું તે.)

૫ અન્યત્વ ભાવના (આત્મા જ્ઞાન સ્વરૂપ છે અને શરીર જડ છે માટે પરસ્પર ભિન્ન છે, આત્મા શરીર નથી અને શરીર આત્મા નથી આત્માથી શરીર તેમજ ધન તથા સ્વજનાદિક અન્ય છે એવું ભાવવું તે.)

૬ અશુચિ ભાવના (રસ, રૂધીર. માંસ, હાડકાં, વીર્ય, પરૂ વીગેરેથી ભરેલું શરીર છે તથા તેનાં નવ તથા બાર દ્વારો સદા વહ્યાં કરે છે (પુરૂષ તથા સ્ત્રી આશ્રી) ને તે કોઇ દહાડો પવિત્ર થતું નથી એવું ભાવવું તે.)

૭ આશ્રવ ભાવના ઈંદ્રીય પાંચ, કષાય ચાર, અવ્રત પાંચ પ્રાણાતિપાતાદિક, જોગ ત્રણ ક્રિયા પચીસ એ ભેદે કરીને કર્મ બંધાય છે તથા દયા દાનાદિકે શુભ અને વિષય કષાયાદિકે અશુભ કર્મ બંધાય છે એવું જે ભાવવું તે.)

૮ સંવર ભાવના (જે જે સંવર આદરવા થકી

જે જે આશ્રવ રોકાય તે તે સંવરનું આદરવું અને આશ્રવનું રોકવું તે સંવર ભાવના.

૯ નિર્જરા ભાવના (સંકીર્ણ સ્થાનકના યોગે જેમ કેરી પાકે છે તેમ બાર પ્રકારના તપે કરી કર્મને પચાવવું એટલે પુર્વકૃત કર્મને સાડવું તે રૂપ નિર્જરા સકામ તથા અકામ એ બે પ્રકારે છે, એવી જે ભાવના ભાવવી તે.

૧૦ લોકસ્વરૂપ ભાવના (કેડ ઉપર બે હાથ દઇને બન્ને પગ પસારીને ઉભેલા પુરૂષના જેવો જેનો સમ આકાર ખટ દ્રવ્ય આત્મક છે, પુર્વ પર્યાયવિણુસે, નવા પર્યાય ઉત્પન્ન થાય અને દ્રવ્યપણે નિશ્ચલ એમ ઉત્પાદ, વ્યય, તથા દ્રવ સ્વરૂપ ચૌદ રાજલોક છે જેનું નીચેનું તળીયું ઉંધા વાળેલા મલ્લક [ચપણીયા] સરખું, મધ્ય ભાગ ઝાલરસરખો, ઉપરનો ભાગ મૃદંગ સરખો એવો શાશ્વત છે ઇત્યાદિક જે લોક સ્વરૂપની ભાવના કરવી તે.)

૧૧ બોધિદુર્લભ ભાવના (જીવને સંસારમાં ભમતાં અનંતા પુદ્ગલ પરાવર્ત થઇ ગયા તેમાં અનંતીવાર ચક્રવર્તી આદિની રિદ્ધી મળી તથા યથાપ્રવૃતિકરણને યોગે કરી અકામ નિર્જરાવડે પુણ્યના પ્રયોગથી મનુષ્ય ભવ, આર્યદેશ નિરોગી કાયા, ધર્મ શ્રવણની જોગવાઈ પામ્યો

તોપણ સમ્યકત્વ પામવું અતિ દુર્લભ છે એવી જે ભાવના ભાવવી તે.)

૧૨ ધર્મ ભાવના (આ દુસ્તર સંસાર સમુદ્રમાંથી તારવાને પ્રવહણ સમાન તે શ્રી જીન પ્રણીત દશ પ્રકારે ક્ષમાદિક શુદ્ધ ધર્મ તથા જ્ઞાન દર્શન ચારિત્ર એ રત્નત્રયાત્મક ધર્મ પામવો દુર્લભ છે તથા તે ધર્મના સાધક અરિહંતાદિક તે પણ આ સંસારમાં પામવા દુર્લભ છે એવું ચિંતવવું તે.

ઉપર કહેલી બાર ભાવના તથા દરેક વ્રતની પાંચ પાંચ એવી પાંચ મહાવ્રતની પચીસ તથા મૈત્રી, પ્રમોદ, કારૂણ્યને ઉપેક્ષા એ બધી ભાવના શુદ્ધ મને પ્રમાદ રહીત પણે ભાવવી.

પાંચ પ્રકારે ચારિત્ર.

૧ સામાયક ચારિત્ર (રાગ દ્વેષ રહીત પણાને વાસ્તે જવું તે અથવા જ્ઞાન દર્શન ચારિત્રનો જયાં લાભ થાય તે.) તે બે ભેદ. ૧ દેશ વિરતિ ૨ સર્વ વિરતિ. સર્વ સાવદ્ય યોગ ત્યાગરૂપ અને નિર્વદ્ય યોગ સેવનરૂપ દેશે કરી શ્રાવકને અને સર્વે કરી સાધુ મુનીરાજને હોય.

૨ છેદોપસ્થાપનિય, (પૂર્વ પર્યાયનો છેદ કરવો અને આચાર્યે આપેલું પંચ મહાવ્રત રૂપપણું જે મહાવ્રતને વિષે હોય તે બે ભેદ.)

૧ સાતિચાર (મુળ ગુણઘાતિને પ્રાયશ્ચિતરૂપ)
૨ નિરતિચાર (નવદિક્ષિત શિષ્યને છજ્જીવણીયા અધ્યયન ભણ્યા પછી હોય અથવા બીજા તીર્થ આશ્રયી હોય તે જેમ શ્રી પાર્શ્વનાથસ્વામીના તિર્થથી વીરસ્વામીના તીર્થે આવી ચાર મહાવ્રતરૂપ ધર્મ ત્યાગી પંચમહાવ્રત રૂપ ધર્મ આદરે તે.

૩ પરિહાર વિશુદ્ધિ ચારિત્ર (વિશેષે તપ કરવાથી કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તે.)

તેના બે ભેદ છે.

૧ નિર્વિશ માનશિક (ચાર જણ વિવક્ષિત ચારિત્રના આશેવક એ કલ્પમાં પ્રવર્તતા હોય તેનું ચારિત્ર તે.)
૨ નિર્વિષ્ટકાયિક (ચાર જણ તેના અનુચારી હોય તેને હોય તે.)

૪ સુક્ષ્મ સંપરાય ચારિત્ર (સુક્ષ્મ છે કષાય તે જેને વિષે તે. ઉપશમ શ્રેણીએ કર્મ ઉપશમાવતાં અને ક્ષપક શ્રેણીએ કર્મ ખપાવતાં હોય ત્યાં નવમે ગુણઠાણે લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમ શ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે તથા ક્ષપક શ્રેણીવાળો હોય તે ખપાવે તે સંખ્યાતા ખંડ માંહેલો જે વારે છેલ્લો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ

કરીને, દશમે ગુણઠાણે ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે તે દશમા ગુણઠાણાનું નામ અને ચારિત્રનું નામ પણ સૂક્ષ્મ સંપરાય છે. તેના બે ભેદ તે પેહેલું વિશુદ્ધ માનશિક તે શ્રેણી ચઢતાને હોય. બીજું સંકિલષ્ટ માનસિક તે ઉપશમ શ્રેણીથી પડતાને હોય.

૫ યથાખ્યાત ચારિત્ર (સર્વથા પ્રકારે કષાય રહીત પણું તે.) તે બે ભેદ.

૧ છદ્મસ્થિક તે છદ્મસ્થ ઉપશમિકને અગ્યારમે ગુણઠાણે અને ક્ષપકને બારમે ગુણઠાણે હોય.

૨ કેવળિક તે કેવળીને તેરમેને ચૌદમે ગુણઠાણે હોય. એ ચારિત્ર એવું છે જેથી મોક્ષ સ્થાનક પામે.

ઇતિ શ્રી સંવર તત્વ સંપુર્ણ.

અથ નિર્જરા તત્વ.

નિર્જરા બાર પ્રકારના તપવડે થાય છે. છ પ્રકારે બાહ્ય તપ અને છ પ્રકારે અભ્યંતર છે.

છ પ્રકારના બાહ્ય તપ.

૧ અનશન (આહારનું ત્યાગ કરવું તે ઉપવાસાદિક કરવું તે.)

૨ ઉણોદરી (આહાર વસ્ત્ર તથા રાગ દ્વેસની ઓછાશ કરવી તે.)

૩ વૃત્તિ સંક્ષેપ (આજીવિકાનો દ્રવ્ય ખેત્રકાલ- ભાવે સંક્ષેપ કરવો તે તથા અભિગ્રહ કરવો નિયમ ધારવા તે.)

૪ રસ ત્યાગ (વિગયાદિકનો ત્યાગ કરવો આંબીલનીવીપ્રમુખ કરવું તે.)

૫ કાયકલેશ (લોચ, કાઉસ્સગ્ગ તથા ઉત્કટ આસને કરી કષ્ટ સહેવું તે)

૬ સંલીનતા (અંગોપંગાદિકનું સંવરવું, ગોપન કરવું તે.

હવે છ પ્રકારે અભ્યંતર તપ કહે છે.

૧ પ્રાયશ્ચિત (કીધેલા અપરાધની શુદ્ધિ કરવી તે.)

૨ વિનય (ગુણવંતની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી તે.)

૩ વૈયાવૃત્ય (આહારાદિક આણી આપવો આચાર્યાદિકના કેડ પગાદિ ચાંપવા તે.)

૪ સ્વાધ્યાય (ભણવું, ભણાવવું, સંદેહ દુર કરવો, ભણેલું ફરી સંભારવું, અર્થ ચિંતવવો, ધર્મોપદેશ કરવો તે.)

૫ ધ્યાન (આર્ત તથા રૌદ્રધ્યાનને નિવારવું તથા ધર્મ ધ્યાન શુકલ ધ્યાનનું ધ્યાવવું તે.)

૬ કાયોત્સર્ગ (પરવસ્તુનો ત્યાગ કરવો તથા કર્મના ક્ષય નિમિત્તે કાયોત્સર્ગ કરવો તે.)

ઇતિ નિર્જરા તત્વ.

અથ બંધ તત્વ.

બંધ તત્વના ચાર ભેદ.

૧ પ્રકૃતિ બંધ (કર્મનું સ્વભાવ પરિણમનરૂપછે તે.)
૨ સ્થિતિબંધ (કર્મનું કાળ પરિમાણ રૂપ છે તે.)
૩ અનુભાગ બંધ (કર્મનું તીવ્રમંદાદિ રસ પરિમાણરૂપ છે તે.)
૪ પ્રદેશ બંધ (કર્મ પુદ્ગલના પ્રદેશ પરિમાણરૂપ છે તે.) આ બાબત મોદકના દ્રષ્ટાંતે કરી સમજવું (કર્મ ગ્રંથમાં જોવું.)

ઇતિ બંધ તત્વ.

અથ મોક્ષ તત્વ.

મોક્ષ તત્વના નવ ભેદ.

૧ સંતપદ પ્રરૂપણા દ્વાર (મોક્ષને વિષે છતાપદની પ્રરૂપણા તે.)
૨ દ્રવ્ય પ્રમાણ દ્વાર (સિદ્ધના જીવ દ્રવ્ય કેટલા છે તે વિચારવું તે.)
૩ ખેત્રદ્વાર (સિદ્ધને અવગાહના ક્ષેત્ર કેટલું છે તે વિચારવું તે.)
૪ સ્પર્શના દ્વાર (કેટલા આકાશ પ્રદેશને સિદ્ધના જીવ ફરસે એમ વિચારવું તે.)
૫ કાળદ્વાર (સિદ્ધનો કાળ આદિ અનંત છે એમ કહેવું તે.)

૬ અંતરદ્વાર (સિદ્ધને વિષે અંતર નથી એમ કહેવું તે.)

૭ ભાગદ્વાર (સિદ્ધના જીવ સંસારી જીવના કેટલામે ભાગે છે એમ વિચારવું તે.)

૮ ભાવદ્વાર (ક્ષાયિકાદિક પાંચ ભાવમાંથી સિદ્ધના જીવ કયા ભાવે છે એમ વિચારવું તે.)

૯ અલ્પ બહુત્વદ્વાર (સિદ્ધના પંદર ભેદમાંથી કયામાં થોડા જીવ અને કયામાં વધારે છે એમ વિચારવું તે.)

હવે જે પંદર ભેદે સિદ્ધ થાય છે તે કહે છે.

૧ જિણ સિદ્ધા=તીર્થંકર પદ્વી પામીને જે મોક્ષે ગયા તે.

૨ અજિણ સિદ્ધા=સામાન્ય કેવળી થઇને મોક્ષે ગયાતે.

૩ તીર્થ સિદ્ધા=તીર્થંકરને કેવળ જ્ઞાન ઉપન્યા પછી જે મોક્ષે ગયા તે.

૪ અતીર્થ સિદ્ધા=તીર્થંકરને કેવળ જ્ઞાન ઉપન્યા પેહેલાં જે મોક્ષે ગયા તે.

૫ ગૃહસ્થ લિંગે સિદ્ધા=ગૃહસ્થના વેશે રહ્યા થકા મોક્ષે ગયા તે.

૬ અન્યલિંગે સિદ્ધા=જોગી સન્યાસી તાપસ વિગેરેના વેશે મોક્ષે ગયા તે.

૭ સ્વલિંગે સિદ્ધા=સાધુના વેશે મોક્ષે ગયા તે.

૮ સ્રીલિંગે સિદ્ધા=સ્રી વેદપણું પામીને મોક્ષે ગયા તે

૯ પુરૂષલિંગે સિદ્ધા=પુરૂષ વેદપણું પામીને મોક્ષે ગયા તે.

૧૦ નપુંસકલિંગે સિદ્ધા=નપુંસક વેદપણું પામીને મોક્ષે ગયા તે.

૧૧ પ્રત્યેક બુદ્ધ સિદ્ધા=કોઈ પદાર્થ દેખીને પ્રતિબોધાયા થકા ચારિત્ર લેઈને મોક્ષે ગયા તે.

૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધા=ગુરૂના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મર્ણાદિકે પ્રતિબોધ પામીને મોક્ષે ગયા તે.

૧૩ બુદ્ધ બોધિત સિદ્ધા=ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામીને મોક્ષે ગયા તે.

૧૪ એક સિદ્ધા=એક સમયને વિષે એકજ મોક્ષે ગયા તે.

૧૫ અનેક સિદ્ધા=એક સમયમાં ઘણા જીવ મોક્ષે ગયા તે.

ઈતિ મોક્ષતત્વ.

ઉપર કહેલા નવતત્વ જે પ્રાણી જાણે તેને સમકીત હોય અને અપવાદે જોકે જીવાદિ નવતત્વનો અજાણ હોય પણ તેને વિષે આસ્થા રાખે તોપણ તેને સમ્યકત્વ છે એમ સમજવું. સર્વે તીર્થંકર પ્રણીત વચન અન્યથા ન હોય એવી મતિ જેના મ-

નમાં રહેલી હોય તેને નિશ્ચળ સમકીત છે. એક અંતર મુહુર્ત (આશરે બે ઘડી) જે પુરૂષને સમકીત ફરસ્યું હોય તેને અદ્ધ પુદ્ગલ પરાવત સંસાર નક્કી બાકી રહ્યો એમ સમજવું. એતો ઘણીજ આશાતનાવંતને સમજવું પણ શુદ્ધ સમકીતી તો કોઈ તેજ ભવે, કોઈ ત્રીજે, કોઈ સાતમે એમ તરતજ મોક્ષ પામે.

ચોવીસ દંડક.

અથ ચારગતિમાં રહેલા સમસ્ત સંસારી જીવ, ચોવીસ દંડકોને વિષે પરિભ્રમણ કરે છે તે દંડકનાં નામ કહે છે. ત્યાં પ્રથમ સાત નારકીનું એક દંડક છે તે સાતે નારકીનાં નામ તથા ગોત્ર નીચે પ્રમાણે છે.

દંડકનો અંક.	નામ.	ગોત્ર.
૧	૧ ઘમા	રત્નપ્રભા
	૨ વંસા	શર્કરાપ્રભા
	૩ સૈલા	વાલુક પ્રભા
	૪ અંજણા	પંકપ્રભા
	૫ રિઠા	ધૂમપ્રભા
	૬ મઘા	તમપ્રભા
	૭ માઘવતી	તમતમાપ્રભા

દશ ભુવનપતિના દશ દંડક.

૨ ૧ અસુરકુમાર નિકાયનો.
૩ ૨ નાગ કુમાર નિકાયનો.
૪ ૩ સુવર્ણ કુમાર નિકાયનો.
૫ ૪ વિદ્યુત કુમાર નિકાયનો.
૬ ૫ અગ્નિ કુમાર નિકાયનો.
૭ ૬ દ્વીપ કુમાર નિકાયનો.
૮ ૭ ઉદધિ કુમાર નિકાયનો.
૯ ૮ દિશિ કુમાર નિકાયનો.
૧૦ ૯ વાયુ કુમાર નિકાયનો.
૧૧ ૧૦ સ્તનિત કુમાર નિકાયનો.
૧૨ પૃથ્વીકાયનો એક. તેનાં મુળ નામ ૭ છે.
૧ સુના, ૨ સુધા, ૩ વાલુયા, ૪ મણશિલ. ૫ શર્કરા. ૬ ખર પુઢવી.

હવે એ પૃથ્વીકાયના ભેદ કહે છે.

૧ સ્ફટિક રત્ન. ૨ મણિરત્ન. ૩ રત્નની સર્વ જાતી. ૪ પરવાળાં. ૫ હિંગળોક. ૬ હરતાળ. ૭ મણશિલ. ૮ પારો. ૯ સોનું. ૧૦ રૂપું. ૧૧ ત્રાંબુ. ૧૨ લોઢું. ૧૩ જસત. ૧૪ શીશું. ૧૫ કથિર. ૧૬ ખડીમાટી. ૧૭ હરમજીઆની (રમચી). ૧૮ અરણેટોપાષાણ. ૧૯ પલેવો પાષાણ. ૨૦ અભરખ. ૨૧ તુરી માટીની જાતિ. ૨૨ ખારી મા-

ટીની જાતિ. ૨૩ માટીની સર્વ જાતિ. ૨૪ પાષાણની સર્વ જાતિ. ૨૫ સુરમાની જાતિ. ૨૬ અંજનની જાતિ. ૨૭ લૂણની જાતિ.

ઈત્યાદિ પૃથ્વીકાયના અનેક ભેદ જાણવા.

૧૩ અપકાયનો એક તેના ભેદ કહે છે.

૧ જમીનનું પાણી ૨ આકાશનું પાણી ૩ ઠારનું પાણી ૪ હિમનું પાણી ૫ વયડાનું પાણી ૬ નીલી વનસ્પતિનું પાણી ૭ ઘનોદધિ વિગેરે.

૧૪ તેઉકાયનો એક; તેના ભેદ કહે છે.

૧ અંગારાનો અગ્નિ ૨ જવાલાનો અગ્નિ ૩ ભરસાળનો અગ્નિ ૪ ઉલ્કાપાતનો અગ્નિ ૫ કણિયાનો અગ્નિ ૬ વીજળીનો અગ્નિ

૧૫ વાઉકાયનો એક તેના ભેદ કહે છે. ૧ ઉદ્ભ્રામક વાયુ ૨ મંદ વાયુ ૩ ઉત્કલિક વાયુ ૪ મંડલિક વાયુ ૫ મુખ શુદ્ધ વાયુ ૬ ગુંજ વાયુ ૭ ઘનવાત ૮ તનવાત—

૧૬ વનસ્પતિકાયનો એક; તેની મૂળ જાતિ બે છે ત્યાં જે એક શરીરમાં અનંતાજીવ હોય તે સાધારણ વનસ્પતિ અને એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય તેના ભેદ કહે છે. ૧ ગુચ્છા ૨ વૃક્ષ, ૩ ગુલ્મ ૪ લતા ૫ વલ્લી ૬ તૃણ ૭ જલરૂહ ૮ ઔષધિ ૯ કુહન

૧૦ પર્વગ ૧૧ હુરે.

ઈત્યાદિક એના અનેક ભેદ છે.

૧૭ બેઇંદ્રિયનો એક તેના ભેદ કહે છે. ૧ શંખ ૨ કોડા ૩ ગંડોલા ૪ જલો ૫ અલસીયા ૬ લાળીયા ૭ મેહુરી ૮ કૃમિયા ૯ પાણીના પુરા.

૧૮ તેંદ્રિયનો એક તેના ભેદ કહે છે. ૧ કાનખજુરા ૨ માંકડ ૩ જુ ૪ કીડીઓ ૫ ઉદ્દેહી ૬ મક્કો-ડા ૭ ઈલ ૮ ધીમેલ ૯ શાવા ૧૦ ગોકીડા ૧૧ ગધહીયા ૧૨ વિષ્ટાના કીડા ૧૩ ગોબરના કીડા ૧૪ ધનેરીયા ૧૫ કંથુઆ ૧૬ ગોપાલીક ૧૭ ઈંદ્રગોપ.

૧૯ ચોરિંદ્રિયનો એક; તેના ભેદ કહે છે. ૧ વીંછી ૨ ઢંકણ ૩ ભ્રમરા ૪ ભ્રમરી ૫ તીડ ૬ માખી ૭ ડાંસ ૮ મચ્છર ૯ પતંગીઆ ૧૦ કંસારી ૧૧ ખડમાકડી-

૨૦ તિર્યંચ પંચેદ્રિયનો એક; તેના ત્રણ ભેદ છે. ૧ જળચર ૨ સ્થળચર ૩ ખેચર ઉરઃપરિસર્પ ને ભુજપરિસર્પ એ બે સ્થળચર માંહેલા છે.

૨૧ મનુષ્યનો એક; તેના ભેદ કહે છે . પંદર કર્મ ભૂમિ ક્ષેત્રના મનુષ્ય. ત્રીસ અકર્મભૂમિ ક્ષેત્રના મનુષ્ય. છપન્ન અંતર દ્વીપના મનુષ્ય. એ સર્વ મળી એકસો ને એક ભેદ થયા.

૨૨ વાણુ વ્યંતર દેવોનો એક; તેના બે ભેદ ૧ વ્યંતર ની નીકાય ૨ વાણુ વ્યંતરની નિકાય ૧ વ્યંતરના આઠ ભેદ ૧ પિશાચ ૨ ભુત ૩ યક્ષ ૪ રાક્ષસ ૫ કિન્નર ૬ કિંપુરૂષ ૭ મહોરગ ૮ ગંધર્વ વાણુવ્યતરની નિકાયના આઠ ભેદ તે કહે છે.

૧ અણુપનિ ૨ પણુપનિ ૩ રૂસિવાદિ ૪ ભુતવાદિ ૫ કંદી ૬ મહાકંદી ૭ કોહુંડ ૮ પતંગ

૨૩ જયોતિષી દેવોનો એક; તેના પાંચ ભેદ.

૧ ચંદ્ર. ૨ સૂર્ય. ૩ ગ્રહ. ૪ નક્ષત્ર. ૫ તારા.

૨૪ વૈમાનિક દેવોનો એક તેના મૂળ બે ભેદ છે. ૧ કલ્પતે આચારવાળા દેવો. તે બાર દેવલોકના નામ ૧ સૌધર્મ દેવલોક. ૨ ઈશાન દેવલોક. ૩ સનત કુમાર દેવલોક. ૪ માહેંદ્ર દેવલોક. ૫ બ્રહ્મ દેવલોક. ૬ લાંતક દેવલોક. ૭ મહાશુક્ર દેવલોક. ૮ સહસ્રાર દેવલોક. ૯ આનત દેવલોક. ૧૦ પ્રાણુત દેવલોક. ૧૧ આરણુ દેવલોક. ૧૨ અચ્યુત દેવલોક. બીજા કલ્પાતીત એટલે જેને વિષે સ્વામે સેવક સંબંધ નથી એવા દેવો તેના મુળ બે પ્રકાર છે.

૧ નવ ગ્રૈવેક વાસી.

૨ પાંચ અનુત્તર વિમાનવાસી. તેમાં નવગ્રૈવેકનાં નામ કહે છે. ૧ સુદર્શન. ૨ સુપ્રતિબદ્ધ. ૩ મનોરમ. ૪ સર્વતોભદ્ર. ૫ સુવિશાળ. ૬

સુમનસ. ૭ સૌમનસ્ય. ૮ પ્રીતિકર. ૯ આદિત્ય.

પાંચ અનુત્તર વિમાનનાં નામ કહે છે. ૧ વિજય. ૨ વિજયંત. ૩ જયંત. ૪ અપરાજિત. સર્વાર્થસિદ્ધ. એ રીતે એ ચોવીસ દંડકના ભેદ સહીત નામ કહ્યાં.

હવે પ્રત્યેક દંડકે ચોવીસ દ્વાર કહેવાય તેના નામ.

દ્વારનો અંક—

૧ પેહેલું શરીર દ્વાર પાંચ પ્રકારે છે. ૧ ઔદારિક શરીર. ૨ વૈક્રિય શરીર. ૩ આહારક શરીર. ૪ તૈજશ શરીર. ૫ કાર્મણ શરીર.

૨ અવગાહના દ્વાર તે પ્રત્યેક દંડકે જઘન્ય તથા ઉત્કૃષ્ટ એવા બે ભેદ શરીરનું પ્રમાણ કહેવું.

૩ સંઘયણ દ્વાર છ પ્રકારે છે.

૧ વજ્રીષભ નારાચ સંઘયણ. ૨ રીષભ નારાચ સંઘયણ ૩ નારાચ સંઘયણ. ૪ અર્દ્ધ નારાચ સંઘયણ. ૫ કીલિકા સંઘયણ ૬ છેવઠું સંઘયણ.

હવે એ સંઘયણવાળા જીવો ઉર્ધ્વગતિ ગમન કરે, તો કયા સંઘયણવાળા કયાં સુધી જાય તે કહે છે.

૧ વજ્રીષભ નારાચ સંઘયણવાળા મોક્ષ પર્યંત જાય. ૨ રિષભ નારાચ સંઘયણવાળા,

બારમા દેવલોક પર્યંત જાય. ૩ નારાચ સંઘ-
યણવાળા દસમા દેવલોક પર્યંત જાય. ૪ અર્દ્ધ
નારાચ સંઘયણવાળા, આઠમા દેવલોક પર્યંત
જાય. ૫ કીલિકા સંઘયણવાળા, છઠ્ઠા દેવલોક
પર્યંત જાય. ૬ છેવઠ્ઠા સંઘયણવાળા, ચોથા
દેવલોક પર્યંત જાય. હવે અધોગતિ ગમન
કરે તો કયા સંઘયણવાળા જીવ કયાં સુધી
જાય તે કહે છે.

૧ વજ્રરીષભ નારાચ સંઘયણવાળા સાતમી
નરક પૃથિવી પર્યંત જાય. ૨ રીષભ નારાચ
સંઘયણવાળા છઠ્ઠી નરક પૃથિવી પર્યંત જાય.
૩ નારાચ સંઘયણવાળા પાંચમી નરક પૃથિવી
પર્યંત જાય. ૪ અર્દ્ધ નારાચ સંઘયણવાળા ચો-
થી નરક પૃથવી પર્યંત જાય. ૫ કીલિકા સંઘય-
ણવાળા ત્રીજી નરક પૃથિવી પર્યંત જાય. ૬ છેવઠ્ઠા
સંઘયણવાળા બીજી નરક પૃથિવી પર્યંત જાય.

૪ સંજ્ઞાદ્વાર દસ પ્રકારે છે તેનાં નામ કહે છે.
૧ આહાર સંજ્ઞા. ૨ ભય સંજ્ઞા. ૩ મૈથુન
સંજ્ઞા. ૪ પરિગ્રહ સંજ્ઞા. ૫ ક્રોધ સંજ્ઞા. ૬ માન
સજ્ઞા. ૭ માયા સંજ્ઞા. ૮ લોભ સંજ્ઞા. ૯ લોક
સંજ્ઞા. ૧૦ ઓઘ સંજ્ઞા. તથા નીચે લખેલી છ
સંજ્ઞા સાથે મેળવતાં સોળ પ્રકાર પણ થાય છે.

૧ સુખ સંજ્ઞા. ૨ દુઃખ સંજ્ઞા, ૩ મોહ સં-

જ્ઞા. ૪ દુગંછા સંજ્ઞા ૫ શોક સંજ્ઞા. ૬ ધર્મ સંજ્ઞા.
૫ સંસ્થાન દ્વાર છ પ્રકારે છે.

૧ સમ ચતુરંસ સંસ્થાન ૨ ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન. ૩ સાદિસંસ્થાન. ૪ કુબ્જ સંસ્થાન. ૫ વામન સંસ્થાન. ૬ હુંડક સંસ્થાન.

અહીં પાંચ ઇંદ્રિયોના સંસ્થાન કહે છે.

૧ સ્પર્શેંદ્રિયનું નાના પ્રકારનું સંસ્થાન હોય છે ૨ રસેંદ્રિયનું ખુરપા સરખું સંસ્થાન હોય છે ૩ ઘ્રાણ ઈંદ્રિયનું તિલના ફૂલ સરખું સંસ્થાન હોય છે. ૪ ચક્ષુઈંદ્રિયનું મસૂરની દાળ સરખું અર્દ્ધચંદ્રાકારે સંસ્થાન છે. ૫ શ્રોતેંદ્રિયનું કલ્પ વૃક્ષના ફૂલ સરખું સંસ્થાન છે.

૬ કષાયદ્વાર ચાર પ્રકારે છે ૧ ક્રોધ. ૨ માન. ૩ માયા. ૪ લોભ.

૭ લેશ્યા દ્વાર છ પ્રકારે છે.

૧ કૃષ્ણ લેશ્યા. ૨ નીલ લેશ્યા. ૩ કાપોત લેશ્યા ૪ તેજો લેશ્યા. ૫ પદ્મ લેશ્યા. ૬ શુક્લ લેશ્યા.

૮ ઈંદ્રિય દ્વાર પાંચ પ્રકારે છે ૧ સ્પર્શેંદ્રિય. ૨ રસેંદ્રિય. ૩ ઘ્રાણેંદ્રિય. ૪ ચક્ષુઈંદ્રિય. ૫ શ્રોતેંદ્રિય.

૯ સમુદ્દઘાત દ્વાર સાત પ્રકારે છે. ૧ વેદના સમુદ્દઘાત. ૨ કષાય સમુદ્દઘાત. ૩ મરણ સમુદ્દઘાત. ૪ વૈક્રીય સમુદ્દઘાત. ૫ તેજશ સમુદ્દઘાત. ૬

આહારક સમુદ્દ્ઘાત, ૭ કેવળી સમુદ્દ્ઘાત.

૧૦ દ્રષ્ટિદ્વાર ત્રણ પ્રકારે છે. ૧ સમ્યક્ દ્રષ્ટિ. ૨ મિશ્ર દ્રષ્ટિ ૩ મિથ્યા દ્રષ્ટિ.

૧૧ દર્શનદ્વાર ચાર પ્રકારે છે. ૧ ચક્ષુ દર્શન. ૨ અચક્ષુ દર્શન. ૩ અવધિ દર્શન. ૪ કેવળ દર્શન.

૧૨ જ્ઞાન તથા અજ્ઞાન દ્વારમળી આઠ પ્રકાર છે જ્ઞાન પાંચ પ્રકારે છે ૧ મતિજ્ઞાન. ૨ શ્રુતજ્ઞાન. ૩ અવધિજ્ઞાન ૪ મનઃ પર્યવજ્ઞાન. ૫ કેવળજ્ઞાન.

અજ્ઞાન ત્રણ પ્રકારે છે.

૧ મતિ અજ્ઞાન. ૨ શ્રુત અજ્ઞાન. ૩ વિભંગજ્ઞાન.

૧૩ યોગદ્વાર પંદર પ્રકારે છે.

૧ સત્ય મનોયોગ.
૨ અસત્ય મનોયોગ.
૩ સત્ય મૃષા મનોયોગ.
૪ અસત્યા મૃષા મનોયોગ.
૫ સત્ય વચન યોગ.
૬ અસત્ય વચન યોગ.
૭ સત્ય મૃષા વચન યોગ.
૮ અસત્યા મૃષા વચન યોગ.
૯ ઔદારિક કાય યોગ.
૧૦ ઔદારિક મિશ્ર કાયયોગ.
૧૧ વૈક્રિય કાયયોગ.
૧૨ વૈક્રિય મિશ્ર કાયયોગ

૧૩ આહારક કાયયોગ.
૧૪ આહારક મિશ્ર કાયયોગ.
૧૫ કારમણ કાયયોગ.

૧૪ ઉપયોગ દ્વાર બાર પ્રકારે છે. ૧ મતિજ્ઞાન ૨ શ્રુત જ્ઞાન. ૩ અવધિ જ્ઞાન. ૪ મન: પર્યવજ્ઞાન. ૫ કેવળ જ્ઞાન. ૬ મતિ અજ્ઞાન. ૭ શ્રુત અજ્ઞાન ૮ વિભંગ જ્ઞાન. ૯ ચક્ષુ દર્શન. ૧૦ અચક્ષુ દર્શન. ૧૧ અવાધ દર્શન. ૧૨ કેવળ દર્શન.

૧૫ ઉપ્પાત દ્વાર તે પ્રત્યેક દંડકને વિષે એક સમયમાં કેટલા જીવ આવી ઉપજે તેની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સંખ્યા કહેવાનું દ્વાર.

૧૬ ચવન દ્વાર તે પ્રત્યેક દંડકને વિષે એક સમયમાં કેટલા જીવ ચવે તેની જઘન્ય તથા ઉત્કૃષ્ટથી સંખ્યા કહેવાનું દ્વાર.

૧૭ આયુષ્ય દ્વાર તે ચાર ગતિ આશ્રી ચાર પ્રકારે છે. તેમાં કયા કયા દંડકે કેટલું કેટલું આયુષ્ય છે તેનું પ્રમાણ કહેવાનું દ્વાર.

૧૮ પર્યાપ્તિ દ્વાર છ પ્રકારે છે.

૧ આહાર પર્યાપ્તિ.
૨ શરીર પર્યાપ્તિ.
૩ ઈંદ્રિય પર્યાપ્તિ.
૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ.
૫ ભાષા પર્યાપ્તિ.

૬ મન પર્યાપ્તિ.

૧૯ દિગ આહાર દ્વાર છ પ્રકારે.

૧ અધો દિશિ આહાર.
૨ ઉર્ધ્વ દિશિઆહાર.
૩ પૂર્વ દિશિ આહાર.
૪ પશ્ચિમ દિશિ આહાર.
૫ દક્ષિણ દિશિ આહાર.
૬ ઉત્તર દિશિ આહાર.

૨૦ સંજ્ઞા દ્વાર ત્રણ પ્રકારે છે.

૧ દીર્ઘકાળની સંજ્ઞા.
૨ હીતોપદેશની સંજ્ઞા.
૩ દ્રષ્ટિવાદોપદેશની સંજ્ઞા.

૨૧ ગતિદ્વાર તે કયા દંડકનો જીવ મરીને કયા કયા દંડકમાં જાય તે કહેવાનું દ્વાર.

૨૨ આગતિ દ્વાર તે પ્રત્યેક દંડકને વિષે કેટલા દંડકના જીવ આવી ઉપજે તે કહેવાનું દ્વાર.

૨૩ વેદ દ્વાર ત્રણ પ્રકારે છે. ૧ પુરૂષ વેદ. ૨ સ્ત્રી વેદ. ૩ નપુંસક વેદ.

૨૪ અલ્પ બહુત્વનો દ્વાર અઠ્ઠાણું પ્રકારે છે.

ઇતિ દંડકના બોલ સંપુર્ણ.

આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિઓ.

કર્મ આઠ છે. ૧ જ્ઞાનાવર્ણીય કર્મ. ૨ દર્શાનાવર્ણીય કર્મ. ૩ વેદની કર્મ. ૪ મોહની કર્મ. ૫ આયુ કર્મ. ૬ નામ કર્મ. ૭ ગોત્ર કર્મ. ૮ અંતરાય કર્મ.

૧ જ્ઞાના વર્ણીય કર્મની પાંચ પ્રકૃતિ છે.

૧ મતી જ્ઞાનાવર્ણી. ૨ શ્રુત જ્ઞાનાવર્ણી. ૩ અવધિ જ્ઞાનાવર્ણી. ૪ મનઃ પર્યવ જ્ઞાનાવર્ણી. ૫ કેવળ જ્ઞાનાવર્ણી.

૧ જ્ઞાનાવર્ણીય કર્મ સાત બોલે બાંધે.

૧ સિદ્ધાંત શાસ્ત્ર વેચે. ૨ કુદેવની પ્રશંસા કરે. ૩ જ્ઞાનને વિષે સંદેહ આણે. ૪ કુશાસ્ત્રની, કુગીતની પ્રશંસા કરે. ૫ સિદ્ધાંત શાસ્ત્રના મુળગા અર્થ ભાંજે. ૬ પારકા દોષ પ્રકાશે ૭ મિથ્યાત્વ ઉપદેસે. આ કર્મ બાંધે તેથી વિદ્યા ન આવે, અને સંસારમાં રૂળે.

એની ત્રીસ કોડા કોડ સાગરોપમની સ્થિતિ છે જેમ આંખે પાટો બાંધ્યો હોય અને દેખાય નહીં તેમ તે કર્મ બાંધનાર પુરૂષને જ્ઞાન ઉપજે નહીં.

૨ દર્શાના વર્ણીય કર્મની નવ પ્રકૃતિ છે.

૧ નિદ્રા (સુખે જાગે તે) ૨ નિદ્રા નિદ્રા (દુખે જાગે તે) ૩ પ્રચલા (બેઠા ઊભા ઊંઘ આવે)

૪ પ્રચલા પ્રચલા (હીંડતાં ઉંઘ આવે) ૫ થિણ-દ્ધી (જેમાં બલદેવ સરખું બળ હોય અને તેનો ધણી નરકે જાય) ૬ ચક્ષુ દર્શન. ૭ અચક્ષુ દર્શન. ૮ અવધિ દર્શન. ૯ કેવલદ-ર્શન. એ નવ પ્રકૃતી દસ બોલે બંધાય તે દસ બોલ કહે છે.

૧ કુતીર્થની સ્તુતિ કરે ૨ કુદેવની પ્રશંસા કરે ૩ હિંસા કરે. ૪ કુગુરૂ હીનાચારીની પ્ર-શંસા કરે. ૫ કુશાસ્ત્રની પ્રશંસા કરે. ૬ મિથ્યાત્વ ઉપર ભાવ ધરે. ૭ અતિ દુઃખ અ-તિ શોક ધરે. ૮ સમકીતને દોષ લગાવે. ૯ કુવ્ર-ત પાળે. ૧૦ મિથ્યાત્વ ઉપજાવી ન્યાય માર્ગે બોલે. એની ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિ-તિછે એ કર્મ પોળીઆ જેવું છે કેમકે જેવી રીતે રાજાને મલવા જતાં પોળીઓ અટકાવે તેમ એ કર્મ ખપાવ્યાં વીના દર્શન ઉપજે નહી.

૩ વેદની કર્મની બે પ્રકૃતિ છે ૧ સાતા વેદની (સુખ ભોગવે તે) ૨ અસાતા વેદની (દુઃખ ભોગવે તે) સાતા વેદની ૧૪ બોલે બાંધે. ૧ દયાવંત. ૨ દાનવંત. ૩ ક્ષમાવંત. ૪ વૃત્તવંત. ૫ શીય-ળવંત. ૬ દમવંત. ૭ સંજમવંત. ૮ જ્ઞાનવંત. ૯ જિનપુજાવંત. ૧૦ જિનચંદન સ્નાત્ર વિચા-રવંત. ૧૧ જિનવંદનવંત. ૨૨ દયા ઊપદેસે.

૧૩ અનુકંપા કરે. ૧૪ મોંહે સત્ય બોલે. એ ચૌદ બોલે કરી જીવ સંસારમાં સુખ ભોગવે બીજી અસાતા વેદની ૧૫ બોલે બાંધે.

૧ મનુષ્યને મારે. ૨ દુઃખ શોક ધરે. ૩ જીવને બંધન ઘાલે. ૪ છેદન કરે. ૫ ભેદન કરે. ૬ ચાડી કરે. ૭ પારકાને પીડા કરે. ૮ જીવને ત્રાસ દેવે. ૯ આક્રંદ કરાવે. ૧૦ પરદ્રોહ થાપણ મોસો કરે. ૧૧ વિદ્વંસ કરાવે. ૧૨ યુદ્ધ કરાવે. ૧૩ પરપ્રાણી દમે. ૧૪ ક્રોધ ઊપજાવે. ૧૫ પરાઈનિંદા કરે. એ પંદર બોલે સંસારમાં પીંડ પાપે ભરાય. ઘણું દુઃખ પામે. એ કર્મની સ્થિતી ત્રીસ કોડાકોડી સાગરોપમની છે. એ કર્મ મધ ચોપડેલી તરવાર સરખું સમજવું કેમકે તે ધાર ચાટતાં મધની મીઠાસ લાગે તે સાતા વેદની અને જીભ કપાય તે અસાતા વેદની જાણવી.

૪ ચોથા મોહની કર્મની ૨૮ પ્રકૃતિ છે.

૧ સંજવલનો એ પંદર દીવસ સુધી રહે અને તે થકી યથાખ્યાત ચારીત્ર ઉદય ન આવે એ પ્રમાણે માન માયાને લોભ મલી ચાર પ્રકાર થયા. ૨ પ્રત્યાખ્યાનિઓ ક્રોધ માન માયાને લોભ એ ચારેની સ્થીતિ ઊતકૃષ્ટી ચાર માસ સુધી અને તેથી સર્વ વિરતી પણું ઊદય ના આવે. ૩ અપ્ર-

ત્યાખ્યાનીઓ ક્રોધ માન માયા ને લોભ એ ચા- રેની ઊત્કૃષ્ટી સ્થીતિ એક વરસની અને તેથી શ્રાવકના બાર વ્રત ઊદયે ના આવે. ૪ અંતાનું બધીઆ ક્રોધ, માન, માયાને લોભની સ્થિતિ જાવ જીવ સુધી અને એના ઊદયથી જીવ સમકીત ન પામે એ સોલ કષાય કહીએ.

હવે નવ નોકષાય કહે છે.

૧ હાસ્ય એટલે હસવું તે. ૨ રતી એટલે પોતાનું સુખ દેખી સંતોષ આણવો. ૩ અરતી ક- હેતાં પોતાનું દુઃખ દેખી દુઃખ માને. ૪ ભય એટ- લે બીકથી જ્યાં ત્યાં રડતો રહે. ૫ શોક એટલે મુવા ગયાનું દુઃખ વીસરે નહીં. ૬ દુગંછા એટલે માઠી વસ્તુ કરતો દેખી નિંદા કરે. ૭ પુરૂષવેદ એટલે સ્ત્રી ઊપર જેથી અભિલાષા ઊપજે. ૮ સ્ત્રી વેદ એટલે જેથી પુરૂષ ઊપર અભિલાષા ઉપજે. ૯ નપુંસક વેદ એટલે પુરૂપ સ્ત્રી બેઊપર જેથી અભિલાષા ઊપજે.

૧ સમકીત મોહનિ.

૨ મિશ્ર મોહનિ.

૩ મિથ્યાત્વ મોહનિ.

એ અઠાવીસ પ્રકૃતી મોહનિ કર્મની જાણવી તેમાં પેહેલા પચીસ કષાયનું નામ ચારીત્ર મોહનિ કહીએ અને છેલી ત્રણ દર્શન મોહનિ કહીએ.

હવે ચારીત્ર મોહનિ ૨ બોલે બાંધે. ૧ તિવ્ર-કષાયના ઊદયે કરી. ૨ હાસ્યાદિકે કરી અને દર્શ-ન મોહની ૬ બોલે બાંધે તે કહે છે. ૧ કેવળજ્ઞાન-ની નિંદા કરે. ૨ સિદ્ધાંતના વચનની નિંદા કરે. ૩ ગુરૂ શંઘની નિંદા કરે. ૪ જિન માર્ગની નિંદા કરે. ૫ અરિહંતની નિંદા કરે. ૬ કુમાર્ગ પ્રકાશે. આવી રીતે જીવ મોહનિ કર્મ બાંધે. જેથી સંસાર-માં ડુબેલો રહે અનેક દુઃખ સહે. મોહનિ કર્મની સીતેર કોડાકોડી સાગરોપમની સ્થીતિ છે એ મો-હનિ કર્મ મદીરાપાન સરખું છે એટલે જેમ દારૂ પીધેલા માણસને ભલી માઠી વસ્તુનો વિવેક ન ઊપજે તેમ મોહનિ કર્મના વશે જીવ મારૂં મારૂં કરતો રહે.

પાંચમું આયુકર્મ કહે છે તેની ચાર પ્ર-કૃતી છે. ૧ દેવનું આઊખુ. ૨ મનુષ્યનું આઊ-ખુ. ૩ તિર્યંચનું આઊખુ. ૪ નરકનું આઊખુ. આયુકર્મ કેમ બાંધે તે કેહે છે. દેવતાનું આયુ ૧૦ બોલે બાંધે તે કહે છે. ૧ થોડો કષાય ૨ નાશ થએ-મુએ ગએ કોઈ વસ્તુનો શોક ન કરે ૩ સદા ધર્મ-વંત બારમું વ્રત ધરે. ૪ સદા સમકીત પાળે. ૫ ધર્મનો રાગી. ૬ નિશ્ચય દાતાર. ૭ મહા ધર્મ ધ્યાની. ૮ બાળ તપસવી. ૯ મહા કષ્ટ કરે. ૧૦ દેવ પુજા કરે. એ દસ બોલે કરી જીવ દેવગતિ પામે. મનુષ્યનું આઊખુ નવ બોલે બાંધે તે કહે છે. ૧

ગુરૂ પુજા કરે. ૨ ચાડી ન કરે. ૩ જીવ વધ ન કરે. ૪ દાનવંત. ૫ આરંભ ન કરે. ૬ શાસ્ત્રી ભણે. ૭ ન્યાયે કરી લક્ષ્મી મેલવે. ૮ પર પીડા ન કરે. ૯ પરજીવને ઊપકાર કરે. એ નવ બોલે કરી જીવ સમકીત, મનુષ્યભવ, જીન ધર્મ પામે.

તિર્યંચનું આઊખુ વીસ બોલે બાંધે તે કહે છે. ૧ શીયળ રહીત. ૨ પરને ઠગે. ૩ ખોટું બોલી મિથ્યાત્વ પોષે. ૪ કુકર્મ ઊપદેશે ૫ તોલ માપ ખોટાં કરે. ૬ માયા કરે. ૭ વચન ખોટાં બોલે. ૮ કુડી સાખ ભરે. ૯ ખરા ગંધમાં ખોટો મેળવી વેચે. ૧૦ કપુર કસ્તુરી માંહે ભેળ કરે. ૧૧ કેસર માંહે ભેળ કરે. ૧૨ હીંગ માહે ભેળ કરે. ૧૩ રૂપા સોના માંહી ભેળ કરે. ૧૪ અણહુતી જુઠી આળ ચઢાવે. ૧૫ ચોરી કરે. ૧૬ વેઠ કરાવે. ૧૭ ઘી તેલ ભેળે. ૧૮ કાપોત લેશ્યા. ૧૯ નિલ લેશ્યા. ૨૦ આર્તધ્યાન.

નરકનું આઊખુ ૨૦ બોલે બાંધે તે કહે છે ૧ મદ મચ્છર ઘણો કરે. ૨ લોભ કરે. ૩ અહંકાર ઘણો કરે. ૪ મિથ્યાત્વે રાચે. ૫ જીવ મારે. ૬ અસત્ય બોલે. ૭ અતિ કાયર હોય. ૮ ભેદ કુભેદ ન જાણે. ૯ ચોરી કરે. ૧૦ નિત્ય વિષય શેવે. ૧૧ લાલચ કરી સુખ ભોગવે. ૧૨ જિન શાંઘની ઘાત કરે ૧૩ જીવહિંસા કરે. ૧૪ જિનપુજા રહીત. ૧૫

શીયળ રહીત. ૧૬ મદીરા પાન કરે. ૧૭ રાત્રી ભોજન કરે. ૧૮ મહા આરંભ કરે. ૧૯ રૂદ્રધ્યાન કરે. ૨૦ કૃષ્ણલેશ્યા. એવી રીતે આઉખા કર્મની પ્રકૃતિ પુરી થઇ એની સ્થિતી તેત્રીસ સાગરોપમ પ્રમાણે છે. એ કર્મ હેડ સરખું જાણવું જેમ હેડમાં ઘાલે નીકળી ના શકાય તેમ એ આઉખું ખપાવ્યા વિના મરે નહીં.

હવે છઠ્ઠું નામ કર્મ કહે છે તે કર્મની ૧૦૩ પ્રકૃતિ છે તેમાં મુલગે ભાંગે ૯૩ પ્રકૃતિ છે. વળી ભેદાંતરે ૬૭ તેમાં વળી ભેદાંતરે ૪૨ છે. અહીંયા એક સોને ત્રણ પ્રકૃતિ કઈ કઈ તે કહે છે ૧ તિર્યંચગતિ. ૨ નરકગતિ. ૩ મનુષ્યગતિ. ૪ દેવગતિ. ૫ એકેંદ્રી. ૬ બેઈંદ્રી. ૭ તેઈંદ્રી. ૮ ચોરિંદ્રી. ૯ પંચિંદ્રી. ૧૦ ઉદારિક શરીર. ૧૧ વૈક્રીય શરીર. ૧૨ આહારક શરીર. ૧૩ તૈજસ શરીર. ૧૪ કાર્મણ શરીર. ૧૫ ઉદારીક અંગોપાંગ. ૧૬ વૈક્રીય અંગોપાંગ. ૧૭ આહારક અંગોપાંગ. ૧૮ ઉદારીક ઉદારીક બંધન. ૧૯ ઉદારિક તૈજસ બંધન. ૨૦ ઉદારીક કાર્મણ બંધન. ૨૧ ઉદારીક તૈજસ કાર્મણ બંધન. ૨૨ વૈક્રીય વૈક્રીય બંધન. ૨૩ વૈક્રીય તૈજસ બંધન. ૨૪ વૈક્રીય કાર્મણ બંધન. ૨૫ વૈક્રીય તૈજસ કાર્મણ બંધન- ૨૬ આહારક આહારક બંધન. ૨૭ આહારક તૈજસ બંધન. ૨૮ આહારક કાર્મણ

બંધન. ૨૯ આહારક તૈજસ કાર્મણ બંધન. ૩૦ તૈજસ તૈજસ બંધન ૩૧ તૈજસ કાર્મણ બંધન. ૩૨ કાર્મણ કાર્મણ બંધન. ૩૩ ઊદારીક સંઘાતન. ૩૪ વૈક્રીય સંઘાતન. ૩૫ આહારક સંઘાતન. ૩૬ તૈજસ સંઘાતન. ૩૭ કાર્મણ સંઘાતન. ૩૮ વજ્રરીષભનારાચ સંઘયણ. ૩૯ રીષભ નારાચ સંઘયણ. ૪૦ નારાચ સંઘયણ. ૪૧ અર્ધ નારાચ સંઘયણ. ૪૨ કિલીકા સંઘયણ. ૪૩ છેવટ્ઠું સંઘયણ. ૪૪ સમ ચતુરંસ સંસ્થાન. ૪૫ ન્યગ્રોધ સંસ્થાન. ૪૬ સાદ્દિ સંસ્થાન. ૪૭ વામન સંસ્થાન. ૪૮ કુબ્જ સંસ્થાન. ૪૯ હુંડક સંસ્થાન. ૫૦ કૃષ્ણ વર્ણ. ૫૧ નિલ વર્ણ. ૫૨ રકત વર્ણ. ૫૩ પીત વર્ણ. ૫૪ શ્વેત વર્ણ. ૫૫ સુરભી ગંધ. ૫૬ દુરભી ગંધ. ૫૭. તીખો સ્વાદ. ૫૮ કડવો સ્વાદ. ૫૯ કસાયલો સ્વાદ. ૬૦ ખાટો સ્વાદ. ૬૧ મધુરો સ્વાદ. ૬૨ શિત સ્પર્શ. ૬૩ ઊષ્ણ સ્પર્શ. ૬૪ ભારી સ્પર્શ. ૬૫ હલવો સ્પર્શ. ૬૬ ખરખરો સ્પર્શ. ૬૭ સુંવાળો સ્પર્શ. ૬૮ લુખો સ્પર્શ. ૬૯ ચોપડયો સ્પર્શ. ૭૦ નરકાનુપૂર્વી. ૭૧ તિર્યંચાનુપૂર્વી. ૭૨ મનુષ્યાનુપૂર્વી ૭૩ દેવાનુપૂર્વી. ૭૪ શુભ વીહાયો ગતિ. ૭૫ અશુભ વીહાયો ગતિ. ૭૬ ત્રસ નામકર્મ. ૭૭ બાદર નામકર્મ ૭૮ પર્યાપ્તિ નામકર્મ. ૭૯ પ્રત્યેક નામકર્મ, ૮૦ થીર નામકર્મ, ૮૧ શુભ નામકર્મ.

૮૨ સૌભાગ્ય નામકર્મ. ૮૩ સુસ્વર નામકર્મ. ૮૪ આદેય નામકર્મ. ૮૫ જશ નામકર્મ. ૮૬ થાવર નામકર્મ. ૮૭ સુક્ષ્મ નામકર્મ. ૮૮ અપર્યાપ્તિ નામકર્મ ૮૯ સાધારણ નામકર્મ. ૯૦ અથિર નામકર્મ. ૯૧ અશુભ નામકર્મ. ૯૨ દુરભાગ્ય નામકર્મ. ૯૩ દુસ્વર નામકર્મ ૯૪ અનાદેય નામકર્મ ૯૫ અયશ નામકર્મ. ૯૬ પરાઘાત નામકર્મ. ૯૭ ઊઘાત નામકર્મ. ૯૮ આતાપ નામકર્મ. ૯૯ ઊશ્વાસ નામકર્મ. ૧૦૦ અગુરૂ લઘુ નામકર્મ. ૧૦૧ તિર્થંકર નામકર્મ ૧૦૨ નિર્વાણ નામકર્મ ૧૦૩ ઉપઘાત નામકર્મ. એ નામકર્મ. સંક્ષેપે કહ્યાં. ૩ બોલે જીવ ઉત્તમ નામકર્મ બાંધે તે કહે છે. ૧ જિન ધર્મરક્ત. ૨ જીવ દયાવંત. ૩ મુક્તિગતિની ચિંતા કરે. જીવ પાડુઆ નામકર્મ આઠ બોલે બાંધે તે કહે છે. ૧ મહામિથ્યાત્વ. ૨ અધર્મી. ૩ દાન ન દે ને બીજાને દેતાં વારે. ૪ જિન મંદિર પડાવે. ૫ કઠોરભાષા બોલે. ૬ મહાપાપ આરંભ કરે. ૭ પરનિંદા કરે. ૮ પરદ્રોહ કરે. એ કર્મની સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની છે. એ નામકર્મ ચિતારા સરખું જાણવું. જેમ ચિતારો અનેક પ્રકારે ચિત્રામનાં રૂપ કરે તેમ નામ કર્મથી જીવ નવાં નામ કર્મ બાંધે..

હવે સાતમું ગોત્ર કર્મ કહે છે. ગોત્ર કર્મની બે પ્રકૃતી છે.

૧ ઊંચ ગોત્ર ૨ નીચ ગોત્ર.

ઊંચ ગોત્ર સોળ બોલે બાંધે તે સોળ બોલ કહેછે.

૧ સમકિતવંત. ૨ શીયળવંત ૩ વિનયવંત. ૪ અદત્ત ન લે. ૫ સાધુની વૈયાવચ્ચ કરે. ૬ આચાર્યની ભક્તિ કરે. ૭ સિદ્ધાંતની ભક્તિ કરે. ૮ બહુશ્રુતની ભક્તિ કરે. ૯ નિરંતર સંવેગ. ૧૦ યથા શક્તિ દાન દે. ૧૧ યથાશક્તિ તપ. ૧૨ સાધુને દાન સનમાન. ૧૩ અરિહંતની ભક્તિ. ૧૪ ઉભયકાળે પડિક્કમણું કરે. ૧૫ તિર્થંકરનો માર્ગ સાધે. ૧૬ સાહમી વચ્છલ કરે. એ સોલ બોલે જીવ તિર્થંકર ગોત્ર બાંધે.

નીચ ગોત્ર પાંચ બોલે બાંધે તે કહે છે.

૧ પારકા ગુણ ઢાંકે. ૨ અવગુણ કહે. ૩ ચાડી કરે. ૪ અણસાંભળી વાત ચલાવે. ૫ અણદીઠાને દીઠુ કહે. એ પાંચ બોલે નીચ ગોત્ર બાંધે. એની સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણે છે. એ કર્મ કુંભાર જેવું છે જેમ કુંભાર માટીના પીંડ થકી જેવી જાતનું વાસણ ચિંતવે તેવું કરે. તેમ ચારેગતીમાં જીવ ઊંચ નીચ ગોત્ર બાંધે.

હવે આઠમુ અંતરાય કર્મ કહે છે અંતરાયકર્મની ૫ પ્રકૃતિ છે. ૧ દાનાંતરાય ૨ લાભાંતરાય. ૩ ભોગાંતરાય. ૪ ઉપભોગાંતરાય. ૫ વિર્યાંતરાય. એ કર્મ ૨૩ બોલે બંધાય તે કહે છે. ઉપર કહેલા પાંચ

અંતરાય કરે. ૬ કરૂણા નહીં. ૭ દીનદયામણા જીવ ઉપર કોપે ૮ અસમર્થ જીવ ઉપર કોપે ૯ ગુરૂને અનુસરે નહીં. ૧૦ તપસી ન વાંદે ૧૧ જિનપુજા નિષેધે ૧૨ જિન વચન ઊથાપે. ૧૩ જિન ધર્મમાં વિઘ્ન કરે. ૧૪ સુત્ર ભણતાં અંતરાય કરે ૧૫ ભલાં પદ ભણતાં અંતરાય કરે. ૧૬ રૂડે માર્ગે ચાલતાં અંતરાય કરે ૧૭ પરમાર્થ કહેતાં હાંસીકરે ૧૮ વિપરિત પ્રકાસે ૧૯ અસત્ય બોલે. ૨૦ અદત્તલે. ૨૧ માઠા કર્મ પ્રકાસે ૨૨ સિદ્ધાંતની હીલણા (નિંદા) કરે. ૨૩ સિદ્ધાંતની આશાતના કરે. એ તેવીસ બોલે અંતરાય બંધાય. એની સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની છે. એ કર્મ ભંડારી સરખું છે જેમ રાજા કહે અહો ભંડારી ફલાણી વસ્તુ આપ ત્યારે ભંડારી આપે તો પામીએ તેમ અંતરાય કર્મ ભારે વિશમ જાણવું. એ રીતે આઠ કર્મની એકસો અઠાવન પ્રકૃતિ ખપાવીને જીવ મુક્તિએ પોચે એવું જાણી જીવે આપણા કર્મનો વિચાર સદાએ ચિંતવવો. મુકિત પંથ પોચવા ભણી ભાવના ભાવવાથી થોડા કાળમાં ઘણી ભવ સ્થિતી ખપાવી સદ્હણા થકી કેવળજ્ઞાન ઊપજાવે મુકિતપંથ પોહોચે તે માટે જીવે સદાય ધરમને વિષે ઊદ્યમ કરવો. ઇતિ આઠ કર્મની એકસો અઠાવન પ્રકૃતિ સંપૂર્ણ.

અથ ગુણમાળા બત્રીશી.

દેવ સદા અરહિંત મુજ, ગુરૂ ગુણવંત સુસાધ;
ધર્મ દયાધુર જિન કથીત, એ સમકિત મેં લાધ. ૧
અગ્યાનાદીક અડદશ દોષ, વર્જિત દ્વાદશ ગુણમણિ કોશ;
આદિકરાદિક સ્તવને યોગ, તે અરિહંત દેવ નીરોગ. ૨
સમ્યગ્ દર્શન ગ્યાન ચરિત્ર, રત્ન ત્રયિ શિવપંથ પવિત્ર;
તામે જે ગણિ પાઠક યતી, કરે પ્રજત્ન સુગુરૂ જીનમતિ. ૩
હિંસાદિક જે પાપ અઢાર, તે ઉપાધિ કરી રહિત ઉદાર;
સમકિત વિનયદયા જસુમૂલ,તે જીન ધરમ કરમ પ્રતિકુળ.૪
શ્રી અરિહંતાદીક પદ પંચ, તાસ નમણ હત પાપ પ્રપંચ;
સહુ મંગળમેં મંગળ મુખી,વલી તે નમણ કરત શીવસુખી.૫
શ્રી અરિહંત દેવ તસુ શ્રમણ, સુગુરૂ સુધર્મ પંચ પદ નમણ;
એહ વસે નીત જાકેમણે, તે નર ધન્ય કૃતારથ ગણે. ૬
ચઉ કસાય ષટ હાસ અગ્પાન, હિંસા જાૂઠ અદત્તાદાન;
પ્રેમ પ્રસંગ મદ મછર એવ, અડદશ દોશ રહિત જિન દેવ. ૭
રાગ દ્વેશ અવિરતિ મિથ્યાત,હાસ્યાદિકષટ કામ વિખ્યાત;
વિઘ્ન પંચ નિદ્રા અજ્ઞાન, અડદશ દોષ રહિત ભગવાન. ૮
ભામંડલ અશોક તરૂ ઈષ્ટ, દુંદુભિ દિવ્ય ધ્વનિકજ વૃષ્ટ;
સિંહાસન ચામર વર છત્ર, પ્રાતિહાર્ય વસુ જિનવર યત્ર. ૯
ગ્યાંન વચન પુજા એ ત્રયે, કષ્ટ નાશ ચૌથો અતિશયે;
પ્રાતિહાર્ય અડ અતિશય ચાર,ઇમ અરિહંતતણા ગુણબાર.૧૦
પરમ ગ્યાન દર્શન સુપવિત્ત, અક્ષય સુખ ક્ષાયક સમકિત્ત;

અચલ અમૂર્ત્ત અનવગાહસુ, વિર્ય અનંત સિદ્ધ ગુણ વસુ.૧૧
લોચણ શ્રોત્ર ઘ્રાણ રસ ફરસ, ઈંદ્રિય પાંચ દમણ ગુણ સરસ;
ક્રોધ માન માયા વલી લોભ,ચઉ કષાય વર્જન ગુણ શોભ.૧૨
સ્રી નપુંસ પશુ થાનક હરે, કથા કામનીનિ નવિ કરે;
સ્રી આસન નહિ બેસે કહિ. જુએ સરાગ દ્રષ્ટિએ નહિ. ૧૩
ભિંત કનાત અંતરે જિહાં, સ્રી શબ્દાવે ન વસે તિહાં;
નવિ સંભારે પૂરવ ભોગ, ન કરે સરસહાર ભવ રોગ. ૧૪
વલી ન કરે અતિ માત્રાહાર, વરજે દેહ શોભ શ્રૃંગાર;
બ્રહ્મચર્યની એ નવ વાડ, પામે ન પડે શીળે ધાડ. ૧૫
હિંસા જુઠ અદત્તાદાન, મૈથુન પરિગ્રહનો પચખાણ:
ત્રીણ કરણ ત્રણ યોગે જેય, પાંચ મહાવ્રત કહીયે તેય.૧૬
ઇર્યા ભાષા વલી એષણ, ગ્રહણ નીખેપણ પરિષ્ટાપણ;
સમિતિ પંચ વલી મન વચ કાય ગોપે ત્રીણ ગુપ્તિ ગુણ થાય.૧૭
ગ્યાનાચાર દર્શનાચાર, વલી ચારિત્રાચાર ઉદાર;
તપાચાર સુવિર્યાચાર, ગુણ છત્રીસ સુરીના સાર. ૧૮
અંગ અગ્યારે બાર ઉવંગ, ચરણ કરણ સત્તરિ બે ચંગ;
અથવા અંગ પૂર્વ પચવીસ.ગુણ પાઠક મુનિરાજ જગીસ.૧૯
પાંચ મહાવ્રત પણ ગુણ સંચ, ઈંદ્રિય પાંચ દમણ ગુણ પંચ;
ચઉ કસાય વર્જન ગુણ ચ્યાર, વર વૈરાગ્ય ક્ષમા ભંડાર. ૨૦
ભાવ કરણ યોગ ત્રય સાચ,સમુધારણ મન તનુવળી વાચ;
સમ્યગ્ દર્શન ગ્યાન ચરિત્ર, ત્રીણ ત્રીણ ગુણ નવક પવિત્ર.૨૧
શીતોષ્ણાદિ વેદના સહન, મરણાંતક ઉપસર્ગ સુસહન;
એ સગવીસ ગુણે સંપન્ન, શિવ સાધક સાધૂ તે ધન્ન. ૨૨

અષ્ટોતર શત ગુણ મણી માલ,કંઠ કરો ભવિયણ વિધિ નાલ;
નિરૂપમ ચૌદ પુર્વનો સાર, સારે સયલ કાજ નિરધાર. ૨૩
આતમ પટમલ ખાલણ ખ્યાર.સકલ કુશળ વલ્લી જલધાર;
સા ગુણમાળા કંઠે કરી, શેઠ સુદર્શનને શીવ વરી. ૨૪
અષ્ટ પ્રકાર ગ્યાંનાચાર. કાળ સુવિનયાદિક ઉરધાર;
તત્વ અતત્વ તણી ઓળખાણ. થાય જેહથી તે છે ગ્યાન.૨૫
વસુ વિધ દર્શનના આચાર. તે નિસંકયતાદિક હીતકાર;
જિન વચને સાચો શ્રધાન, તે સમ્યક્ દર્શન ભવિ જાન. ૨૬
પાંચ સમીતિ તણ ગુપ્તિસાર, ચરણા ચાર અષ્ટ પ્રકાર;
નિજ ગુણ થિરતા સંવર સાર, તે ચારિત્ર મોક્ષ દાતાર. ૨૭
બાહ્ય અભિંતર તપ વિધ બાર. અણસણાદિતે તપઆચાર.
અનલોપમ જસુ જે નિજ ધ્યાન. તે તપ જાણે ચતુર સુજાણ.૨૮
દર્શન ગ્યાન ચરણ તપ શુદ્ધ, ચતુર મિલાપ મોક્ષઅવિરૂદ્ધ;
જામણ મરણ ઉપદ્રવ રહિત,સદા અનાસ્થિત થિર ગુણસહિત૨૯
ભાવ રોગ વસુ કર્મ નિરસ્ત, પાંચ અનંત અનંત પ્રશસ્ત;
અજ અવિનાશી અવ્યાબાધ સિદ્ધ બુદ્ધ પરમાતમ સાધ.૩૦
મોક્ષ વિશુદ્ધ આતમા એક, ભેદ નયે કરી નામ અનેક;
તે સાધો તજિ કર્મ નિધાન,કરી સુપરે ભવિ નવ પદ ધ્યાન.૩૧
સય ઓગણીસ બત્તીસે સાલ,સુગુરૂ બુદ્ધિ બળ લહી રસાલ;
રાજપુરે ગુણમાળા રચિ, મોહ નિવારણ કારણ સચિ. ૩૨

ઇતિ ગુણમાળા સંપુર્ણ.

જાહેર ખબર.

સર્વે જૈનબંધુઓને ખબર આપવામાં આવે છે કે આ પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી રોકડી કિંમતે મળશે. દેશાવરવાળાને ટપાલ ખરચ જુદુ પડશે.

શા૦ બાલાભાઈ કકલભાઈ
માંડવીની પોળમાં નાગજીભુદરની પોળ.
શા૦ ફકીરચંદ કીલાભાઈ
ઠે૦ માણેકચોક પોલીસની ચોકી.
} અમદાવાદ

શા૦ અમરચંદ ઘેહેલાભાઇ
જૈનધર્મ પ્રસારક સભાના સેક્રેટરી
મુ૦ ભાવનગર.